પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૫૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૭-૦૬-૨૦૨૩ શનિવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


### કચ્છમાં બિપોરજોય વાવાઝોડાના કારણે ભારે નુકસાન,

## ભારે પવન અને વરસાદના કારણે વૃક્ષો ધરાશાયી થતાં અનેક રસ્તાઓ બંધ થયા

અમદાવાદ,

અરબી સમુદ્રમાં સક્રિય બિપોરજોય વાવાઝોડું ગતરોજ જખૌ પોર્ટ નજીક ટકરાતા કચ્છમાં ભારે નુકસાન થયું છે. અનેક વિસ્તારમાં વૃક્ષો ધરાશાયી થયા છે, લોકોના ઘરના પતરા ઉડી ગયા છે, ઘરની દીવાલો પડી ગઈ છે. સાથે જ બિપોરજોય વાવાઝોડાના કારણે ભારે પવન ફૂંકાતા અનેક વીજપોલ ધરાશાયી થયા છે. તેજ પવન અને ભારે વરસાદના કારણે વૃક્ષો ધરાશાયી થતાં અનેક રસ્તાઓ બંધ થઈ ગયા છે. દ્રઢઈહ્નની ટીમ કટર મશીન સાથે ગ્રાઉન્ડ પર ઉતરી છે. વાવાઝોડા બાદ રાહતની કામગીરી હાથ ધરી છે. કચ્છમાં બિપોરજોય વાવાઝોડાની માઠી અસર પડી છે. કચ્છમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ થયો છે. ભારે વરસાદના કારણે માંડવી-ભુજ હાઈવે પર વરસાદી પાણી ફરી વળ્યાં છે. વરસાદી પાણી ફરી વળતા મુખ્યમાર્ગ અવરોધાયો છે. કચ્છમાં વરસાદથી વિઝિબિલિટીમાં ઘટાડો થયો છે.



કચ્છના માંડવીમાં અતિભારે વરસાદ થયો છે. ૭૦થી ૮૦ કિમીની ઝડપે પવન ફૂંકાયો હતો. ભારે પવનને કારણે વહાનવ્યવહાર ઠપ થયો છે. ભારે પવન અને વરસાદના લીધે વિઝિબિલિટી ઘટી હતી . વાવાઝોડાના ભયાનક દ્રશ્યો સામે આવ્યા છે. અનેક વૃક્ષો અને વીજપોલ ધરાશાયી થતા રોડ બ્લોક થયા છે. જૂના અને મહાકાય વૃક્ષો ધરાશાયી થયા છે. વાવાઝોડાને લઈને અનેક વાહનોને પણ ઘણું નુકસાન થયું છે. પાર્ક કરેલી ગાડીઓ પર વૃક્ષો ધરાશાયી થયા છે. તો અનેક રોડ-રસ્તાઓ પર વૃક્ષો ધરાશાયી થતાં અનેક માર્ગ બંધ થયા છે. રસ્તા બંધ થવાના કારણે વાહન ચાલકોને હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. તો બાજુ લોકોના ઘરના પતરા ઉડી ગયા છે. તો કેટલાક કાચા ઘરની દીવાલો પડી ગઈ છે.

કચ્છમાં વરસાદી માહોલ વચ્ચે સ્થાનિકોએ ગતરોજ ટકરાયેલા વાવાઝોડાની સરખામણી વર્ષ ૧૯૯૮માં આવેલા વાવાઝોડા સાથે કરી છે. સ્થાનિકે જણાવ્યું કે, લાંબા સમય બાદ મોટું વાવાઝોડું આવ્યું છે. રાત્રે ખતરનાક પવન ફૂંકાઈ રહ્યો હતો, અમારી આસપાસના ઘણા લોકોના મકાનોના છાપરા ઉડી ગયા છે. અમે પોતે રાત્રે વરસાદ હોવા છતાં ઘરની બહાર બેઠા હતા. અમે આખી રાત સૂતા નથી.અન્ય એક સ્થાનિકે કહ્યું કે, વર્ષ ૧૯૯૮માં આવેલા વિનાશક વાવાઝોડા કરતા પણ બિપોરજોય વાવાઝોડાની પવનની ઝડપ ઘણી વધારે હતી. અમને માં આશાપુરાએ બચાવી લીધા છે. ગુજરાત સરકારની એક્ટિવિટી સારી રહી છે. કચ્છ પર ત્રાટકેલા વાવાઝોડાની સૌથી મોટી અસર ગાંધીધામમાં જોવામળી છે. ગાંધીધામમાં બિપોરજોય વાવાઝોડાની તીવ્ર અસર જોવા મળી. હાલ ગાંધીધામમાં જળબંબાકારની સ્થિતિ છે. શહેરના તમામ માર્ગો પાણીમાં ગરકાવ. હાલ ૨૫ મીટર દૂર પણ ન જોઈ શકાય તેવો અતિભારે વરસાદ વરસી રહ્યો છે. તો ઘરોમાં વીજળી પણ નથી, વીજપોલ ધરાશાયી થવાથી વીજ પુરવઠો ખોરવાયો છે.

ગાંધીધામમાં મોડી રાતથી સતત ભારે વરસાદ પડી રહ્યો છે. સતત વરસાદથી ગાંધીધામમાં જળબંબાકાર જેવી સ્થિતિમાં આવી ગયું છે. ગાંધીધામના તમામ માર્ગો પાણીમાં ડૂબી ગયા છે. શહેરમાંથી પસાર થતા હાઈવેના સર્વિસ રોડ પાણીમાં ગરકાવ થયો છે. ગાંધીધામ પંથક વાવાઝોડાના કારણે થંભી ગયા છે. ભારે વરસાદના કારણે ગાઁધીધામમાં વિઝિબિલિટીમાં ઘટાડો થયો છે. ગાંધીધામમાં વીજ પુરવઠો ગુરુવાર રાત્રેથી ઠપ્પ થયો છે. ભારે વરસાદના કારણે વૃક્ષ ધરાશાયી થયું છે.સમગ્ર ગાંધીધામ હાલ થંભી ગયું છે. વાહનની ૨૫ મીટર દૂર પણ ન જોઈ શકાય એટલો અતિ તીવ્ર વરસાદ વરસી રહ્યો છે. હાલ વરસાદની તિવ્રતા ઓછી થતા આંશિક રાહત જોવા મળી છે.

રાજ્યના માથેથી બિપોરજોય વાવાઝોડા નામનું સંકટ ટળ્યું છે. પરંતુ આજે પણ તેની અસર રાજ્યમાં જોવા મળી રહી છે. વાવાઝોડાનું લેન્ડફોલ થયું તે પહેલા જ દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. આ ભારે પવન અને વરસાદ આજે સવાર સુધી અને તે બાદ પણ ચાલુ જ રહ્યો છે. હવામાન વિભાગે આપેલા છ કલાકના એટલે આજે સવારે છ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં કુલ ૧૧૭ જિલ્લાઓમાં વરસાદ નોંધાયો છે.રાજ્યમાં છ કલાકમાં કુલ ૧૧૭ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ જામનગરમાં પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જે બાદ કચ્છના અંજાર, માંડવીમાં ચાર ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. આ સાથે દ્વારકામાં ૩.૮ ઈંચ વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગે આપેલા આંકડા પ્રમાણે, કચ્છના ગાંધીધામ, દ્વારકાના ખંભાળિયામાં અને રાજકોટના લોધિકામાં ત્રણ ઈંચથી વધારે વરસાદ ખાબક્યો છે. નોંધનીય છે કે, વાવાઝોડાને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે ગુરુવારે બપોરથી છૂટોછવાયો વરસાદ વરસી રહ્યો છે.આંકડા પ્રમાણે, મોરબીના માળિયા, ભચાઉ, રાજકોટ, વાંકાનેર, જામકંડોરણામાં બે ઈંચથી વધારે વરસાદ નોંધાયો છે.

જામનગરમાં છેલ્લા ૨૪ કલાકમાં અનરાધાર વરસાદ પડ્યો છે. આ સાથે કાલાવાડમાં ૬૭ મીમી વરસાદ પડ્યો છે. જામજોધપુરમાં ૯૧ મીમી વરસાદ પડ્યો છે. આ સાથે જામનગરમાં ૩૯ મીમી વરસાદ પડ્યો છે. જોડિયામાં ૩૧ મીમી વરસાદ પડ્યો છે. ધ્રોલમાં ૮૯ મીમી વરસાદ પડ્યો છે. લાલપુરમાં ૧૧૦ મીમી વરસાદની સાથે જામનગરના દરિયા કિનારે હવે ૩ નંબરનું સિગ્નલ લગાવામાં આવ્યું છે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૧૬મીએ સૌરાષ્ટ્ર અને કચ્છ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનમાં અને દક્ષિણપૂર્વમાં મોટા ભાગના સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. જ્યારે કોઈક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની પણ શક્યતા છે.

## વાવાઝોડાના કારણે ૮ ઈંચ વરસાદ : આખો જિલ્લો વેરવિખેર, ૧૫૦૦ વીજપોલ ધરાશાયી

દ્વારકા,

બિપોરજોય વાવાઝોડાનું ગુજરાતના દરિયાકાંઠે લેન્ડફોલ થયા બાદ વિનાશક દ્રશ્યો જોવા મળી રહ્યાં છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં બિપોરજોય વાવાઝોડાએ મચાવી ભારે તબાહી મચાવી છે. ગુજરાતના દરિયા કાંઠે બિપોરજોયે જોરદાર તરખાટ મચાવી દીધો છે. દ્વારકાનો દરિયો ગાંડોતૂર બન્યો છે. ઓખામાં દરિયાનું પાણી ગામમાં ઘૂસી આવતા લોકોનું જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે, અને ઠેર ઠેર તારાજીના દ્રશ્યો સામે આવ્યા છે. બીજી બાજુ દ્વારકામાં અતિભારે વરસાદ પડ્યો છે. જિલ્લાના કેટલાક ગામોમાં વીજ પુરવઠો ખોરવાયો છે.



વિગતવાર વાત કરીએ તો વાવાઝોડના કારણે સમગ્ર દ્વારકા જિલ્લામાં અતિભારે વરસાદ વરસી રહ્યો છે. સાથે જ તોફાની પવન ફૂંકાઈ રહ્યો છે. ભારે પવનને કારણે અનેક વિસ્તારમાં વીજ પોલ ધરાશાયી થયા છે. સમગ્ર જિલ્લામાં ૧૫૦૦ જેટલા વીજપોલ ધરાશાયી થયા છે. ખાંભળિયાના કોલવા ભટ્ટ ગામમાં વીજપોલ ધરાશાયી થતાં ગામનો રસ્તો બ્લોક થઈ ગયો છે.

દ્વારકામાં બિપરજોય વાવાઝોડાએ જમીની તારાજી સર્જી છે. જિલ્લામાં ૧૫૦૦થી વધુ વીજપોલ ધરાશાયી થયા છે. ૨ પોલ વચ્ચેના તાર તૂટ્યા છે અને ૪૦૦ ટીસીને પણ નુકસાન થયું છું. દરિયાકિનારે આવેલ ગામડાઓના કાચા મકાનોને નુકસાન થયું છે. જિલ્લામાં પીજીવીસીએલની ૧૧૭ ટીમ ખડેપગે છે.

દ્વારકા શહેરમાં ભારે પવન ફૂંકાઈ રહ્યો છે. વાવાઝોડાને કારણે દ્વારકામાં ભારે પવન ફૂંકાતા કેટલાક વિસ્તારમાં પતરા અને શેડ ઉડી ગયા છે. બિપોરજોય વાવાઝોડાના કારણે દરિયામાં અતિભારે કરંટ જોવા મળી રહ્યો છે. વાવાઝોડાને પગલે દરિયો ગાંડોતૂર થયો છે. દ્વારકા જિલ્લામાં બિપોરજોય વાવાજોડાથી વૃક્ષોને વ્યાપક નુકસાન થયું છે. જિલ્લામાં અનેક જગ્યાએ વિશાળ વૃક્ષો ધરાશાયી થયા છે. દ્વારકા, ભાટિયા, ટંકારીયા, નાગેશ્વર, નાવદ્રા ખંભાળિયામાં વૃક્ષો પડ્યા છે. ટંકારિયામાં ૧૦૦ વર્ષ જૂનું વૃક્ષ ધરાશાયી થયું છે.

દ્વારકામાં ભારે પવન સાથે ૮ ઈંચ વરસાદ ખાબકતા સ્ટેશન રોડ પર પાણી ભરાયા છે. દ્વારકામાં ચારેકોર પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. ભારે પવન સાથે શહેરમાં વરસાદ ખાબકતા દ્વારકાની મામલતદાર ઓફિસમાં પાણી ભરાયા છે. ગણપતિ ચોકથી રબારી ગેટ સુધી વરસાદી પાણી ભરાયા છે. આ ઉપરાંત ભદ્રકાલી ચોકમાં આવેલ ભદ્રકાલી માતાજી મંદિર પાસે પાણી ભરાયા છે.

દ્વારકામાં રૂપેણ બંદર વિસ્તારમાં એનડીઆરએફએ રેસ્ક્યૂ હાથ ધર્યું છે. રૂપેણ બંદર વિસ્તારમાં સતત ભારે પવન સાથે વરસાદ વરસી રહ્યો છે. જેથી નીચાણવાળા વિસ્તારમાં રહેતા લોકોનું રેસ્ક્યૂ હાથ ધરાયું છે. ૭૦ જેટલા લોકોનું એનડીઆરએફએ રેસ્ક્યૂ હાથ ધર્યું છે. દ્વારકાના ઓખા બંદરે ૧૦ નંબરનું સિગ્નલ હટાવીને ૩ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. વાવાઝોડું કચ્છથી પસાર થતાં સિગ્નલ બદલાવાયું છે. અનેક વિસ્તારમાં ભારે પવન સાથે વરસાદ પડી રહ્યો છે. ઓખા બંદરે જીએમબી દ્વારા ૩ નંબરનું સિગ્નલ લગાવાયું છે.

## જામનગરમાં પણ જ્યાં જુઓ ત્યાં વિનાશ, વૃક્ષો ધરાશાયી થતા વાહનોને નુકસાન, હાઈવે બંધ

જામનગર,

ગુજરાતને ટકરાઈને ગુરુવારે રાત્રે બિપરજોય વાવાઝોડું પસાર થયું છે. વાવાઝોડું તો પસાર થઈ ગયું પરંતુ તેના કારણે સર્જાયેલી તબાહીના દ્રશ્યો હવે સામે આવવા લાગ્યા છે. હજુ પણ રાજ્યભરમાં વાવાઝોડાની અસર વર્તાઈ રહી છે. સૌરાષ્ટ્રભરમાં સવારથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. તેવામાં જામનગરમાં થયેલી વાવાઝોડાની અસરની તસવીરો સામે આવી છે.

જામનગરમાં ભારે પવન ફૂંકાવાથી અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા છે. મોટ વૃક્ષો ભારે તુટી અને પવન સાથે ફંગોળાતા અનેક વાહનોને નુકસાન થયું છે. જામનગરમાં ઠેરઠેર તબાહી જોવા મળે છે. કોઈ જગ્યાએ વાહન તો કોઈ જગ્યાએ મકાનોને નુકશાન થયું છે.

દ્વારકા-જામનગર હાઈવે પર વાવાઝોડાંની ગંભીર અસર જોવા મળી રહી છે. હાઈવે પર આવેલી અલખ નામની હોટેલમાં ખૂબ જ નુકસાન થયુ છે. હોટેલના શેડ તૂટી ગયા છે. ભારે પવનને કારણે પાર્કિંગ સેડ અને હોટેલના શેડ તૂટી ગયા છે. અલખ નામની હોટેલમાં વરસાદના કારણે ઘણું નુકસાન થયેલું છે. હાઈવે પર હજુ પણ ભારે પવન સાથે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે.

જામનગરમાં બિપરજોયના પગલે ગઈકાલ રાતથી ભારે પવન ફૂંકાવાની શરુઆત થઈ હતી. જે સ્થિતિ આજે યથાવત રહી હતી તીવ્ર ગતિથી ફૂંકાતા પવનના કારણે અનેક રસ્તા પર વૃક્ષો ધરાશાઈ થયા છે. જાણવા મળતી માહિતી અનુસાર કાલાવડ-ધોરાજી હાઈવે પર વૃક્ષો પડી જવાથી હાઈવે બંધ થયો હતો. ઠેર ઠેર રસ્તા વચ્ચે વૃક્ષો પડી જતા વાહનવ્યવહાર અને અવિરત વરસાદના કરાણે લોકોનું જનજીવન પ્રભાવિત થયું છે.


### : મત્સ્યોદ્યોગ ખાતાની વિવિધ યોજના બાબત :

રાજ્ય સરકારશ્રી તથા ભારત સરકારશ્રી દ્વારા મત્સ્યોદ્યોગના વિકાસ તથા મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલા માછીમારો/રસ ધરાવતા ઈસમોને સહાય માટેની વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. જે અન્વયે મત્સ્ય પ્રવૃતિ સાથે સંકળાયેલ ઈજારદારો, તમામ માછીમારો, મત્સ્ય ઉછેરકો તથા મત્સ્ય વેપારીઓને મત્સયોદ્યોગને લગતા વિવિધ ઘટકો જેવા કે PMMSY યોજના તળે નવા રીયરીંગ કે ગ્રો આઉટ તળાવનું બાંધકામ તથા તેના ઉપર ઈનપુટ સહાય, રેફ્રિજરેટેડ/ઈન્સ્યુલેટેડ વાહન, મોટર-સાઈકલ વીથ આઈસ બોક્સ જેવા ઘટક તથા રાજ્ય સરકાર દ્વારા અનુસુચિત જાતિના શિક્ષિત બેરોજગારોને તાલીમ, ઈજારદારોને મત્સ્યબીજ સંગ્રહ ઉપર રાહત, બોટજાળ, પ્લાસ્ટિક ક્રેટ, ઈન્સ્યુલેટેડ બોક્ષ, નવા તળાવ બાંધકામ, ઈનપુટ સહાય, પગડીયા કીટ(આંતરદેશીય મત્સ્યોદ્યોગ) જેવી વિવિધ યોજનાઓ અમલમાં છે.

પંચમહાલ જીલ્લામાં આ યોજનાઓનો લાભ લેવા ઈચ્છતા હોય તેવા ઈસમો/મંડળી/મંડળ/જૂથ/સંઘએ વધુ માહિતી માટે ગુજરાત સરકારશ્રીના પોર્ટલ https://ikhedut.gujarat.gov.in પર અરજી કરવા જણાવવામાં આવે છે. તેમજ સરકારશ્રીની કિશાન ક્રેડીટ કાર્ડ (KCC) અને માછીમાર જૂથ અકસ્માત વીમા યોજના પણ અમલમાં છે. ઉપર મુજબની યોજનાઓની વધુ માહિતી માટે કામકાજના દિવસોમાં કચેરી સમય દરમ્યાન નીચેના સરનામે સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

કચેરીનું સરનામું:
મત્સ્યોદ્યોગ અધિક્ષકશ્રીની કચેરી,
ITI કોલેજ પાછળ, દાહોદ રોડ, ગોધરા,
જિ.પંચમહાલ-૩૮૯૦૦૧,
ફોન નં.૦૨૬૭૨-૨૬૫૭૦૫

(કુ.એમ.કે.મેઘાતર)
મત્સ્યોદ્યોગ અધિક્ષક
ગોધરા

માહિતી/ગોધરા/૨૪૧/૨૦૨૩


## રાજકોટ શહેરમાં ભારે પવન અને અવિરત વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરમાં ઘુસ્યા પાણી

રાજકોટ,

રાજકોટ શહેરમાં વહેલી સવારથી જ ધોધમાર વરસાદ ભારે પવન સાથે વરસી રહ્યો છે. રાજકોટ શહેરના અલગ અલગ વિસ્તારોમાં વરસાદના કારણે રસ્તાઓ પાણી પાણી થઈ ગયા છે. રાજકોટ શહેર સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદ નોંધાયો છે. રાજકોટ શહેરમાં સવારે ૬ થી ૧૦ વાગ્યા સુધીમાં જ સરેરાશ ૩ ઈંચ વરસાદ વરસી ગયો હતો. શહેરમાં સૌથી વધુ વધુ વેસ્ટ ઝોનમાં ૩ ઈંચ જેટલો નોંધાયો છે.

અવિરત વરસાદ અને ભારે પવનના કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયા છે. જેના કારણે જનજીવન પ્રભાવિત થયું છે. આ સિવાય પવનના કારણે કેટલીક જગ્યાઓએ વૃક્ષો ધરાશાઈ થયાની ઘટનાઓ પણ સામે આવી છે.

રાજકોટ શહેરના નિચાણવાળા વિસ્તારોમાં અવિરત વરસાદના કારણે ગોઠણડુબ પાણી ભરાયા છે. શહેરના જંકશન વિસ્તારમાં માર્ગો પર પાણી ફરી વળ્યું હતું. જેના કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરના લક્ષ્મીનગર વિસ્તારમાં વરસાદના કારણે લોકોના મકાનોમાં પાણી ઘુસી ગયા છે. આ સિવાય રસ્તા પરની દુકાનોમાં પણ વરસાદી પાણી ઘુસી જતો સવારથી શહેરના કેટલાક વિસ્તારોમાં બંધ જેવી સ્થિતિ છે.

### શહેરનાં જગન્નાથજી મંદિરની

## પૌરાણિક, ઐતિહાસિક તથા પારંપરિક દિવ્ય ૧૪૯મી રથયાત્રા ૨૦ જુને નીકળશે

અમદાવાદ,

શહેરનાં જગન્નાથજી મંદિરની પૌરાણિક, ઐતિહાસિક તથા પારંપરિક દિવ્ય ૧૪૯મી રથયાત્રા તા.૨૦/૬/૨૦૨૭ને મંગળવારે નીકળશે. રથયાત્રાની પરંપરા મુજબ બધા જ શ્રધાળુ લોકો એમાં હર્ષોલ્લાસથી ભાગ લઈ પ્રેમ ભકિત, સદભાવના, ભાઈચારાથી લોકોત્સવ તરીકે ઉજવે છે.શહેરના પોલિસ કમિનરશ્રીએ ટ્રસ્ટ કમીટીની અરજીને ધ્યાનમાં લઈ રથયાત્રાની પરવાનગી આપી છે. રથયાત્રા અસલ પરપરાગત માર્ગો ઉપર જ ફરશે. જેના અગભાગમાં ૧૮ શણગારેલા ગજરાજો, ત્યાર પછી ૧૦૧ ભારતીય સંસ્કૃતિની ઝાંખી કરાવતી ટ્રકો, અંગ કસરતના પ્રયોગો સાથે ૩૦ અખાડા, ૧૮ ભજન મંડળીઓ સાથે ૩ બેન્ડવાજાવાળા રહેશે. સાધુસંતો, ભકતો સાથે ૧૦૦૦ થી ૧૨૦૦ જેટલા ખલાસી ભાઈઓ રથ ખેચંતા રહેશે. દેશભરમાંથી



૨૦૦૦ જેટલા સાધુ-સંતો હરિદ્વાર, અયોધ્યા, નાશિક, ઉજ્જૈન, જગન્નાથપુરી તથા સૌરાષ્ટ્રમાંથી આ પ્રસંગે ભાગ લેવા આવે છે.

પરમ પુનિત, સાંસ્કૃતિક એવું ઐતિહાસિક રથયાત્રા પારંભની વિધિ જેને "પહિંદ' કહેવામાં આવે છે તે ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દ્વારા રથ ખેંચી રથયાત્રાનો શુભારંભ કરવામાં આવશે. રથયાત્રાના દિવસે સવારે મંગળા આરતી પછી આદિવાસી નૃત્ય અને રાસ ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે.સમગ્ર રથયાત્રા દરમ્યાન ૩૦૦૦૦ કિલો મગ, ૫૦૦ કિલો જાંબુ, ૫૦૦ કિલો કેરી, ૪૦૦ કિલો કાકડી અને દાડમ તથા ૨ લાખ ઉપેર્યા પ્રસાદમાં પાશે.

રથયાત્રા પુર્વે મંદિરમાં તા. ૧૮/૬/૨૦૨૩'રવિવારે સવારે ૮-૦૦ વાગે ભગવાન શ્રી જગન્નાથજી, સુભદ્રાજી અને બળદેવજીનું ગર્ભ ગૃહમાં પ્રવેશ તથા નેત્રોત્સવ પૂજા વિધિ કરવામાં આવશે પછી વૈદિક મંત્રોચ્ચાર કરી ભગવાનના આંખે પાટો બાંધવાની વિધિ કરવામાં આવશે. સવારે ૯-૩૦ વાગે ધ્વજારોહણવિધિ જેમા મુખ્ય અતિથિ માન. શ્રી સી.આર પાટીલ-અધ્યક્ષ ભાજપ, ગુજરાત ઉપસ્થિત રહેશે. સવારે ૧૧-૦૦ વાગે સંતોનુ સન્માન જેમાં મુખ્ય અતિથિ માન. શ્રી નિતીનભાઈ પટેલ-પૂર્વ નાયબ મુખ્યમંત્રીશ્રી ગુજરાત ઉપસ્થિત રહેશે.જયારે તા. ૧૯/૬/૨૦૨૩ સોમવારે સવારે ૧૦-૦૦ વાગે સોનાવેષના દર્શન અને ગજરાજપૂત્રન., સવારે ૧૦-૩૦ વાગે: મંદિર પ્રાગણમાં ત્રણેય રથોની પ્રતિષ્ઠા વિધિ અને, પુજન વિધિ કરવામાં આવશે જયારે સાંજે ૬:૩૦ વાગે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ભગવાનના દર્શન કરશે ૨૦મી જુને સવારે ૪૦૦ વાગે મંગળા આરતી કરવામાં આવશે જેમાં મુખ્ય અતિથિ તરીકે અમિત શાહ ઉપસ્થિતિ રહેશે.

## આસામની રાજધાની ગુવાહાટી અને શિલોંગમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા

ગોવાહાટી,

ગુવાહાટી અને આસામના ઉત્તર પૂર્વીય વિસ્તારના અન્ય ભાગોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. ભૂકંપ આવતા જ લોકો ભયભીત થઈને ઘરની બહાર નીકળી ગયા હતા. જો કે ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. તમને જણાવી દઈએ કે ગયા શુક્રવારે આસામમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર તેજપુર નજીક હતું. રિક્ટર સ્કેલ પર આંચકાની તીવ્રતા ૩.૭ હતી.

બાંગ્લાદેશમાં સવારે ૧૦.૧૬ વાગ્યે ભૂકંપ આંચકો આવ્યો છે. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૮ હતી.ઉત્તર પૂર્વી રાજ્ય આસામમાં સવારે ૧૦.૧૫ વાગ્યે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. મળતી માહિતી મુજબ, આ ભૂકંપના આંચકા ગુવાહાટી સહિત અન્ય પૂર્વોત્તર ભાગોમાં પણ અનુભવાયા છે. ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા અનુસાર રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૮ નોંધવામાં આવી છે. જો કે હજુ સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી. મળતી માહિતી મુજબ ભૂકંપનું કેન્દ્ર બાંગ્લાદેશમાં હતું.

૧૪ જૂનના રોજ જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લામાં ૫.૪-ની તીવ્રતાના ભૂકંપના એક દિવસ પછી, મંગળવારે અને બુધવારે કેન્દ્રશાસિત પ્રદેશના જમ્મુ ક્ષેત્રમાં પાંચ આંચકા અનુભવાયા હતા, જેનાથી સ્થાનિકોમાં ગભરાટ ફેલાયો હતો. આંચકાને કારણે વહીવટીતંત્રે ડોડા અને કિશ્તવાડ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાની જાહેરાત કરી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે બુધવારે જમ્મુ ક્ષેત્રમાં ભૂકંપના આંચકાને કારણે કેટલીક સંપત્તિને નુકસાન થયું છે, પરંતુ કોઈ જાનહાનિની ??કોઈ માહિતી નથી.

## કેન્દ્ર સરકારે મોબાઈલ એપ્સ દ્વારા થતા ગુનાઓને રોકવા માટે મોટી તૈયારીઓ કરી

નવીદિલ્હી,

કેન્દ્ર સરકારે મોબાઈલ એપ્સ દ્વારા થતા ગુનાઓને રોકવા માટે મોટી તૈયારીઓ કરી છે. ગુપ્તચર એજન્સીઓએ દેશમાં ચાલતી ૧૦૦થી વધુ મોબાઈલ એપ્સને શંકાસ્પદ માનીને તેની પર નજર રાખવાનું શરૂ કર્યું છે. કેન્દ્રીય એજન્સીઓ સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે એપનું ક્રાઈમ નેટવર્ક ૫ હજાર કરોડ રૂપિયા કરતાં વધુ છે.

વોલરેન્ટ, આયત ગન સિમ્યુલેટર, ટીમ ફાઈટ, રોયટ (હિન્દીમાં હુલ્લડનો અર્થ થાય છે) અને ડિસકોર્ડ જેવી ઘણી એપ્સ છે, જે ધર્મ પરિવર્તનની શંકાસ્પદ છે. ગેમમાં આગળ વધવા માટે કુરાની શ્લોકોના સવાલ પુછવામાં આવે છે. જવાબો મેળવવાની પ્રક્રિયામાં, ઝાકિર નાઈક જેવા મુસ્લિમ ધાર્મિક નેતાઓના વીડિયો શેર કરવામાં આવે છે, જેમને જોતાની સાથે જ પ્રશ્નોના જવાબો મળી જાય છે. પછી અંતે તેમનું બ્રેઈનવોશ કરીને તેમની સાથે કોઈ વ્યક્તિ સતત સંપર્કમાં રહે છે. તે હિંદુ નામ ધરાવતી મુસ્લિમ વ્યક્તિ જ હોય છે.

હવે આ એપ્સના નામ સામે આવી રહ્યા છેપ ઘણી એવી એપ્સ છે જે માનવ તસ્કરીનું ટુલ બની ગઈ છે. આમાં જોબઈન એબ્રોડ, ગલ્ફ જોબ, યુકે-યુએસ જોબ વગેરે અગ્રણી છે. આના દ્વારા લોકોને ખાસ કરીને છોકરીઓને વિદેશમાં નોકરીની લાલચ આપવામાં આવે છે. ઘણી વખત લોકોને રુપિયા પડાવીને વિદેશ લઈ જઈને છોડી દેવામાં આવે છે.

દેશમાં આતંકવાદીઓ અને ગેંગસ્ટરોનું નેટવર્ક પણ આધુનિક બની ગયું છે. જ્યારે સેન્ટ્રલ એજન્સીઓએ આવી કેટલીક એપ્સ જોઈ તો તેને પ્રતિબંધિત કરી દેવામાં આવી. પરંતુ, બીજા જ દિવસે તેઓ નવા ડોમેન અને સમાન નામ સાથે ફરી સક્રિય થયા.

## રાજયમાં લોકોના આરોગ્ય માટે જોખમી ૩૯૪ દવાની પ્રોડકટ ઉપર પ્રતિબંધ મુકાયો

અમદાવાદ,

દવાના ઉત્પાદકો વેચાણ વધારવા અવનવા મોલેકયુલનાં કોમ્બીનેશન બનાવી માર્કેટમાં દવા મુકતા હોય છે અને માત્ર માર્કેટીંગના આધારે દવાનું ધુમ વેચાણ કરતા હોય છે. ગુજરાત સરકારે આરોગ્ય માટે જોખમી એવી ૩૯૪ દવા ઉપર રોક લગાવી દીધી છે. તે માટે ૧૬૮ ઉત્પાદકોને નોટીસ મોકલી છે. ખાસ કરીને શરદી, કફ, દમ,ખેંચ, ઉધરસ, દુખાવો વગેરે બિમારી માટે આ દવાઓનું વેંચાણ થતુ હતું.

કેટલાંક કોમ્બીનેશન તો ૧૫ થી ૨૦ વર્ષ જુના હોવાનૂં સામે આવ્યુ છે. એટલુ જ નહિં રોક લગાવેલી ૩૯૪ દવા પૈકી ૫૦ ટકા દવાને એકસપોર્ટ કરવાની મંજુરી પ્રાપ્ત હતી. પેરાસીટામોલ , એમોકિસસીલીન નિમેસુલાઈડ જેવી દવાનો સમાવેશ થાય છે. ગુજરાતમાં એલોપથીક દવાનું ઉત્પાદન કરતાં ઉત્પાદકોની સંખ્યા ૩,૭૩૨ છે તેઓ કુલ ૬.૩૮ લાખ વિવિધ પ્રોડકટ બનાવે છે. ફુડ એન્ડ ડ્ર્ગ્સ કધટ્રોલ એડમીનીસ્ટ્રેશન દ્વારા ૧૪ પ્રકારનાં વિવિધ કોમ્બીનેશન ધરાવતી દવાને માર્કેટમાંથી બંધ કરવા આદેશ કર્યો છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જીલ્લા કલેકટર દ્વારા સંતરામપુર સબ જેલની અને સંતરામપુર પોલીસ સ્ટેશનની તપાસણી મુલાકાત કરવામાં આવી

મહિસાગર,
મહીસાગર જીલ્લા કલેકટર ભાવિન પંડયા દ્વારા સંતરામપુર સબ જેલની અને સંતરામપુર પોલીસ સ્ટેશનની તપાસણી મુલાકાત કરવામાં આવી હતી.

કલેકટર ભાવીન પંડયા સંતરામપુર સબ જેલની મુલાકાત લઈને જેલમાં હાજર કેદીઓની વિગતોની ચકાસણી કરવાની સાથે જેલના રેકર્ડની ચકાસણી અને તપાસણી કરી જેલરને જરૂરી સૂચનો કર્યા હતા. સાથે પોલીસ સ્ટેશનમાં રહેલ રેકર્ડની જાત તપાસ કરી પડતર ફાઈલોનો ઝડપથી નિકાલ કરવા સુચના આપી હતી.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

કલેકટરએ સબ જેલની મુલાકાત દરમિયાન જેલમાં રહેલા કેદીઓ સાથે સંવાદ કરી તેઓને આપવામાં આવતી સગવડોની જાણકારી મેળવી હતી.

કલેકટરની આ મુલાકાત દરમિયાન સંતરામપુરના પ્રાંત અધિકારી કૌશીક જાદવ અને મામલતદાર સંગાડા તથા કલેકટર કચેરીની ફોજદારી શાખાના વિરેન્દ્રભાઈ પ્રજાપતિ અને નયનકુમાર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## મહિસાગર જીલ્લામાં ફૂડ પ્રોસેસીંગ સંલગ્ન નાના ઉદ્યોગ શરૂ કરવા સરકાર દ્વારા લોન સહાય આપવામાં આવશે

મહિસાગર,
ભારત સરકારની ફૂડ મીનીસ્ટ્રી દ્વારા સમગ્ર ગુજરાતમાં પ્રધાન મંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસીગ એન્ટરપ્રાઈઝ સ્કીમ (PMFME) અમલમાં છે. આ યોજના અંતર્ગત બેન્કમાંથી મંજુર થયેલ પ્રોજેક્ટ રકમની ૩૫ % સબસીડી જે મહતમ રૂ.૧૦ લાખની મર્યાદામાં મળી શકે છે. આ પોજેક્ટ તૈયાર કરી જીલ્લા કક્ષાએ નિમણુંક કરેલ ડી.આર.પી. નો સંપર્ક કરી રજુ કરી શકાશે.

પ્રોજેક્ટ બનાવવાથી માંડી ઓનલાઈન રજુ કરવા સુધી દરેક બાબતે મદદ કરવા સરકાર દ્વારા જીલ્લા કક્ષાએ ડી.આર.પી. પાર્થ પટેલ (વિષય તજજ્ઞ, મો.ન. ૯૭૧૨૨૩૩૮૪૮) રાખવામાં આવ્યા છે. સરકારની આ યોજનાનો લાભ લઈ હાલ ચાલી રહેલ મૂલ્યવર્ધનના ઉદ્યોગને વધારી પણ શકો અને નવા ઉદ્યોગ સાહસિકો પોતાનો નવો ઉદ્યોગ ચાલુ પણ કરી શકે.

આવા નાના ફૂડ પ્રોસેસીંગ ઉદ્યોગો જેવા કે અથાણું, મરી મસાલા, બેકરી,પાપડ, ખાખરા, ફળના જ્યુસ, ચિપ્સ કેન્ડી, વગેરે ઉભા થવાથી ફળ–શાકભાજીનો બગાડ અટકી શકે અને ખેડૂતોને વધારે પોષણક્ષમ ભાવો અપાવી શકીએ. મહીસાગર જીલ્લાના ઉદ્યોગ સાહસિકોએ આ યોજનાનો લાભ લેવા માટે નાયબ બાગાયત નિયામકની કચેરી લુણાવાડાનો કચેરીસમય દરમ્યાન સપર્ક સાધવા નાયબ બાગાયત નિયામકએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મુનપુર કોલેજનું ગૌરવ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
અત્રેની કોલેજમાં N.S.S. વિભાગ અંતર્ગત આચાર્ય ડો. એમ.કે.મહેતાના માર્ગદર્શન અને પ્રેરણાથી તા. ૧૯/૦૬/૨૦૨૩ થી ૨૫/૦૬/૨૦૨૩ દરમિયાન ચેન્નઈ ખાતે યોજાનાર નેશનલ ઈન્ટીગ્રેશન કેમ્પમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની ટીમમાં મુનપુર કોલેજના બે વિદ્યાર્થીઓ (૧) ડામોર વિપુલકુમાર ભારતભાઈ અને (૨) ડામોર સર્જિતકુમાર ભરતભાઈ (સેમેસ્ટર–૩) ની પસંદગી થતા આજરોજ તેઓનો શુભેચ્છા સમારોહ યોજવામાં આવ્યો. આ પ્રસંગે કોલેજના આચાર્ય ડો. એમ.કે.મહેતા, પ્રોગ્રામ ઓફિસર પ્રા.જે.એલ. ખાંટ અને કોલેજ પરિવાર વતી બંને વિદ્યાર્થીઓને હળવો સ્વાસ્થ્યવર્ધક નાસ્તો અને જરૂરી દવાઓ સાથેની કીટ આપીને કેમ્પ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી.


માલણપુરથી સ્થાનિક લોકો દ્વારા જાણ કરવામાં આવી કે મોર બીમાર હાલાત માં જણાય છે, તો નેચર હેલ્પ ફાઉન્ડેશન સંતરામપુર તથા વનવિભાગમાં જાણ કરવામાં આવતા એનજીઓ તથા વનવિભાગ દ્વારા મોરનું રેસક્યુ કરી પશુ હોસ્પિટલ સંતરામપુર ખાતે સારવાર કરાવી હાલ સારવાર અર્થે રાખવામાં આવેલ છે.

## દે.બારીયાના જંબુસર ગામે ઘરમાં આકસ્મીક આગ લાગતાં ઘરવખરી અનાજ બળીને ખાખ

દાહોદ,
દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના જંબુસર ગામે ઉડવા ફળિયામાં સવારે એક ઘરના વચલા ખંડમાં આકસ્મીક રીતે આગ લાગી જતાં આગમાં ઘરના સરા, વળા, નળીયા, અનાજ વગેરે બળી જતાં આગમાં અંદાજે રૂા. ૯૪૦૦૦નું નુકશાન થયાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે.

જંબુસર ગામે ઉડાર ફળિયામાં રહેતા લક્ષ્મણસિંહ રતનસિંહ બારીયાના ઘરના વચલા ખંડમાં ગત તા. ૩– ૬–૨૦૨૩ના રોજ સવારે અગ્યાર વાગ્યાના સુમારે આકસ્મીક આગ ફાટી નીકળી હતી જેથી આગ અંગેની જાણ દેવગઢ બારીઆ ફાયર સ્ટેશને કરવામાં આવી હતી. જેના પગલે ફાયર બ્રીગેડના લાશ્કરો ફાયર ફાઈટર સાથે ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો સતત મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળળી આગ ઓલવી નાખી વધુ નુકશાન થતું અટકાવ્યું હતું. આગમાં ઘરના સરા, નળીયા, અનાજ મળી કુલ રૂા. ૯૪૦૦૦નું નુકશાન થવા પામ્યું હતું.

આ સંબંધે જંબુસર ગામના ઉડાર ફળિયામાં રહેતા લક્ષ્મણસિંહ રતનસિંહ બારીયાએ દેવગઢ બારીઆ પોલીસને જાણ કરતાં પોલીસે આગ અંગેની જાણવા જોગ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.


## ધાનપુરના ગાગરડી ફળીયાની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી જતાં ફરિયાદ

દાહોદ,
દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ગાગરડી ફળીયા ચીમનકુવા ફળીયાની ગામના જંગલમાં ઢોર ચરાવવા ગયેલ સવા સોળ વર્ષીય સગીરાને પત્ની તરીકે રાખવા પ્રેમના પાઠ ભણાવી, પટાવી, ફોસલાવી અપહરણ કરી લઈ ગયાનું જાણવા મળ્યું છે.

ગાંગરડી ફળિયા ચીમન કુવા ફળીયામાં રહેતી ૧૬ વર્ષ ૩ માસની ઉંમરની સગીરા પંદરેક દિવસ અગાઉ પોતાના ગામ નજીકના જંગલમાં ઢોરો ચરાવવા ગઈ હતી. તે દરમ્યાન સાંજના ચારે વાગ્યાના સુમારે ત્યાં આવેલ ગરબાડાના ભે પાટીયા ગામના કટારા ફળિયામાં રહેતા લાલાભાઈ છગનભાઈ ભુરીયાએ તેણીને પત્ની તરીકે રાખવા માટે પ્રેમના પાઠ ભણાવી, પટાવી લલચાવી અપહરણ કરી લઈ ગયો હતો.

આ સંબંધે ગાંગરડી ગામની અપહ્રત સગીરાના પિતાએ નોંધાવેલ ફરિયાદને આધારે ધાનપુર પોલીસે ભે પાટીયા ગામના લાલાભાઈ છગનભાઈ ભુરીયા વિરૂધ્ધ ઈપીકો કલમ ૩૬૩, ૩૬૬ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડા ના રામનાથ મહાદેવ મંદિર પાસેના કચરા ડેપો માંથી કચરો તળાવના પાણીને દૂષિત કરી રહ્યો



ગરબાડા,
ગરબાડા રામનાથ મહાદેવ મંદિર પાસે ગામનો ગંદો કચરો ઠાલવવામાં આવી રહ્યો છે. કચરા ડેપો અન્ય સ્થળ પર ખસેડવા માટેની બાબતને લઈને ગ્રામજનો દ્વારા સ્થાનિક કક્ષાએ અનેકવાર રજૂઆત કરી છે. તે સિવાય જિલ્લાના ક્ષમા હરતાને પણ રજૂઆત કરવામાં આવી હતી. જ્યારે આ કચરા ડેપોને અન્ય સ્થળ પર ખસેડવા માટે હાલમાં ગરબાડા માજી ડેપ્યુટી સરપંચ જયેશ જોષી દ્વારા તાલુકા સ્વાગત કાર્યક્રમમાં પણ આ બાબતે રજૂઆત કરવામાં આવી છે. બીજી તરફ કચરા ડેપો માંથી આ કચરો રામનાથ સરોવરને દૂષિત કરી રહ્યો હોવાનું જોવા મળી રહ્યું છે. ત્યારે આ બાબતને ગંભીરતાથી લઈને તેનું સુખદ નિવારણ કરવામાં આવે તે જરૂરી છે. હાલમાં આ કચરા ડેપો કાયમ માટે સળગતો હોય છે અને જ્યારે પણ હવા ચાલે છે. ત્યારે મંદિર આસપાસના વિસ્તારમાં અસહ્ય ધુમાડો અને દુર્ગન આવતી હોય છે. જો હાલમાં આ સ્થિતિ છે, તો આવનાર સમયમાં મંદિર પર જવાનું પણ મુશ્કેલ થશે તે વાતમાં કોઈ શંકાને સ્થાન નથી.

## દે.બારીયા MGVCLની બેદરકારી યથાવત નવા ઠાકોરવાડા અને કસ્બામાં લો વોલ્ટેજના કારણે ઉપકરણોમાં નુકશાની ??

દે.બારીયા,
દે.બારીયા શહેરમાં મધ્ય ગુજરાત વિજળી કંપની થકી વિજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. નવા ઠાકોરવાડા થઈ પારેખ શેરી અને જાની ફળીયા સુધી થ્રી ફેસની વિજ લાઈનમાં બે માસથી લો વોલ્ટેજની સમસ્યા થવા પામી છે. આ લાઈનમાં વિજ કનેકશનનો જોડાણમાં પંખા, કુલર ચાલવાતા નથી. દિવસના એટલે તા.૧૬/૦૬૩/૨૦૨૩ શુક્રવારે ૧૨ કલાકે થી વિજળીમાં લો વોલ્ટેજની સમસ્યા ચાલુ થતાં આ લખાય છે. ત્યાર સુધી ૫–૪૫ સુધી વીજ પુરવઠો લો વોલ્ટેજની સમસ્યા યથાવત જારી છે. છ કલાક થવા છતાં વીજ કંપનીના કર્મીઓને ફોલ્ડ શોધવા મથી રહ્યા છે. આના સાથે મોનસુનની કામગીરીની પોલ ખુલી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેરના કસ્બામાં આજથગી પંદર દિવસો લો વોલ્ટેજ હતો. તેમાં વીજ ઉપકરણોમાં ફ્રીજ લો વોલ્ટેજના લીધે બળી ગયા હતા. ફરી બીજીવાર લો વોલ્ટેજ થતાં ૧૨ કલાકે શરૂ થતા આખા વિસ્તારમાં લોકો હેરાન પરેશાન થયા છે. એમ.જી.વી.સી.એલ. ગ્રાહકો પાસેથી રીડીંગમાં તોતીંગ વધારો કરી રૂપીયા વસુલે છે. તે પ્રમાણેની ગ્રાહકોને સુવિધા આપવામાં કેમ પાછળ છે. ફ્રિજ જેવા મોંઘા ઉપકરણો માટે જવાબદાર કોણ જેથી વિભાગીય કાર્ય સમસ્યા માટે નવિન ડીપી નાખવા માટે તાકીદે હાથ ધરશે ખરાં તે આમ વિજગ્રાહકોની માંગ ઉઠવા પામી છે.

## દે.બારીયામાં પોલીસ સ્ટેશનમાં નવા PSI દેસાઈ આવી રહ્યા છે ???

દે.બારીયા,
દે.બારીયા તાલુકા તેમજ શહેરનો લો એન્ડ ઓર્ડરની પરીસ્થીતીને કાબુ રાખનાર એટલે પોલીસ સબ ઈન્સ્પેકટરને હવાલે હોય છે. છેલ્લા પંદર વીસ દિવસ પહેલા દે.બારીયાના પી.એસ.આઈ. પટેલ હતા. તેઓની બઢતી સાથે બદલી અમદાવાદ મુકામે થતાં દે.બારીયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ.ની જગ્યા ખાલી પડી હતી. જેથી નવા પી.એસ.આઈ. તરીકે દેસાઈ આવી રહ્યાની વિગતો મળી રહી છે. પી.એસ.આઈ. દેસાઈ તા.૧૫/૦૬/૨૦૨૩ ગુરુવાર રાત્રે આઠ કલાકે દે.બારીયા પોલીસ સ્ટેશનમાં આવ્યા હતા. તેઓ હાજર થવા આવ્યા છે કે, પછી હાજર થઈને હેડ ક્વાર્ટર છોડશે નહિ તેની વધુ વિગતો જાણવા મળેલ નથી પણ દે.બારીયા પોલીસ સ્ટેશનની મુખ્ય પી.એસ.આઈ.ની જગ્યા જે ખાલી હતી. તે જગ્યા માટે દેસાઈને નિમણૂંક લેટર મળી ચુક્યો હશે તેવું ટોક ઓફ ધ ટાઉન બનવા પામ્યું છે.

## ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાશે

દાહોદ,
દાહોદ જીલ્લામાં ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ સરકારી આઈટીઆઈ રણધીકપુર ખાતે રોજગાર ભરતી મેળો અને તા.૨૨/૦૬/૨૦૨૩ના રોજ આર્ટસ કોલેજ ઉખેરલી રોડ,ફતેપુરા ખાતે તેમજ તા.૨૮/૦૬/૨૦૨૩ના રોજ આર્ટસ કોલેજ લીમખેડા ખાતે ભરતી મેળો યોજવામાં આવશે.

ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી માટે ધોરણ–૧૦ પાસ, ધોરણ–૧૨ પાસ, આઈ.ટી.આઈ ઓલ ટ્રેડ ડિપ્લોમાં સ્નાતક, અનુભવી, બિન–અનુભવી લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારીની તક પુરી પાડવામાં આવશે. તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિર રાખવામાં આવેલ છે જેમાં ઉમેદવારોને માર્ગદર્શન પુરૂ પાડવામાં આવશે.

ઉપરોકત ઈચ્છુક ઉમેદવારો અભ્યાસ ધરાવતા મહિલા તથા પુરૂષ ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા ધરાવતા ઉમેદવારો ભરતી મેળામાં ભાગ લઈ શકશે આ ભરતી મેળામાં ઉમેદવારો પોતાના બાયોડેટા સાથે સ્વ ખર્ચે ઉપસ્થિત રહેવા જીલ્લા રોજગાર અધિકારીએ જણાવ્યું છે.

## દેવગઢ બારિયા ખાતે જૂને સાંસદ યોગ સ્પર્ધા યોજાશે

દાહોદ,
આંતરરાષ્ટ્રીય યોગ દીવસ અંતર્ગત ગુજરાત સરકારના રમત ગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગના ઉપક્રમે સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર અને ગુજરાત રાજ્ય યુવક બોર્ડ ગાંધીનગર દ્વારા દાહોદ જીલ્લા વહીવટી તંત્ર તેમજ જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી આયોજીત તા.૧૭/૦૬/૨૦૨૩ ના રોજ સવારે ૯.૦૦ કલાકે સ્વ. જયદીપસિંહજી જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દેવગઢબારિયા ખાતે યોજાશે. આ અવસરે કાર્યક્રમ ના અદયક્ષ સ્થાને રાજ્યના પંચાયત અને કૃષિ મંત્રી બચુભાઈ ખાબડ ઉપસ્થિત રેહશે. જ્યારે સ્પર્ધાના ઉદઘાટક તરીકે સાંસદ જશવંતસિંહ ભાભોર અને જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા અને સમગ્ર ધારાસભ્યઓ હાજર રેહશે. તેમ જીલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## ભગવાન વિષ્ણુની કૃપા મેળવવા માંગતા હોવ તો અષાઢ મહિનામાં આ કામ કરવાનું ભૂલશો નહીં



સનાતન ધર્મમાં, અષાઢનો મહિનો વિશ્વના રક્ષક ભગવાન વિષ્ણુને સમર્પિત છે. આ મહિનામાં ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. સનાતન પંચાંગ અનુસાર યોગિની એકાદશી અને દેવશયની એકાદશી અષાઢ મહિનામાં ઉજવવામાં આવે છે. દેવશયની એકાદશીના દિવસે ભગવાન વિષ્ણુ ક્ષીર સાગરમાં ૪ મહિના માટે આરામ કરવા જાય છે. આ દિવસથી ચાતુર્માસ શરૂ થાય છે. સનાતન શાસ્ત્રોમાં ચાતુર્માસ દરમિયાન શુભ કાર્ય કરવાની મનાઈ છે.

આ વર્ષે શ્રી નારાયણ હરિ વિષ્ણુ ક્ષીર સાગરમાં ૫ મહિના આરામ કરશે. તેથી જ અષાઢ માસનું વિશેષ મહત્વ છે. આ મહિનામાં ભગવાન વિષ્ણુ અને માતા લક્?મીની પૂજા કરવાથી વ્યક્તિને મનવાંછિત ફળ મળે છે. જો તમે પણ ભગવાન વિષ્ણુની કૃપા મેળવવા ઈચ્છતા હોવ તો અષાઢ મહિનામાં આ કામ કરવાનું ભૂલશો નહીં. આવો જાણીએ-

અષાઢ મહિનામાં શું ન કરવું

જ્યોતિષના મતે અષાઢ મહિનામાં લગ્ન જેવા શુભ કાર્યો ટાળવા જોઈએ. જો તે ખૂબ જ મહત્વપૂર્ણ છે, તો પ્રકંડ પંડિતની સલાહ લઈને કાર્ય પૂર્ણ કરી શકાય છે. આ મહિનામાં દેવશયની એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ થાય છે. સનાતન ધર્મમાં ચાતુર્માસ દરમિયાન શુભ કાર્ય કરવાની મનાઈ છે.

નિષ્ણાતોના મતે અષાઢ મહિનામાં વાસી ખોરાક ન લેવો જોઈએ. આનાથી બીમાર થવાનો ભય રહે છે. આ મહિનામાં ખૂબ જ ગરમી પડે છે. આ થોડા કલાકોમાં ખોરાક બગાડે છે. તેથી વાસી ખોરાક ખાવાથી પેટની સમસ્યા થઈ શકે છે.

સનાતન ધર્મ શાસ્ત્રોમાં તે સમાયેલ છે કે માનવ શરીર પાંચ તત્વોથી બનેલું છે. આ પાંચ તત્વો અગ્નિ, જળ, વાયુ, આકાશ અને માટી છે. અષાઢ મહિનામાં પાણીનું અપમાન ન કરવું. આ મહિનામાં પાણીનો બગાડ ટાળો.

સ્વાસ્થ્ય નિષ્ણાતોના મતે અષાઢ મહિનામાં તેલયુક્ત ખોરાક ખાવાનું ટાળો. તેમજ બજારમાં વેચાતી વસ્તુઓ ઓછી ખાઓ. બેદરકારી રાખવાથી સ્વાસ્થ્ય પર ખરાબ અસર પડે છે.

અષાઢ મહિનામાં પ્રતિશોધક ભોજન ટાળો. આ ઉપરાંત મસૂરનું સેવન ન કરો.

## ગુજરાત બાદ રાજસ્થાનમાં બિપોરજોય વાવાઝોડું ઘમરોળશે

## ૫ જિલ્લાઓમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ અપાયુ

## રાજસ્થાનમાં ૧૬, ૧૭ અને ૧૮ જૂને વાવાઝોડું સક્રિય રહેશે

જયપુર,
ચક્રવાત બિપરજોય ગુજરાત બાદમાં તબાહી મચાવીને હવે રાજસ્થાન પહોંચી ગયું છે. જેને કારણે બાડમેર અને જાલોરમાં આજે તેજ પવન સાથે વરસાદ પડયો છે.જાલોરમાં શુક્રવારે સવાર સુધીમાં ૬૯ મીમી વરસાદ નોંધાયો છે. અહીં, જેસલમેરમાં પણ વાવાઝોડાની અસર વર્તાઈ રહી છે. બાડમેર અને સિરોહીમાં ભારે પવનને કારણે વૃક્ષો અને થાંભલા પડી ગયા છે. વાવાઝોડાને કારણે રાજસ્થાનના ૫ જિલ્લાઓમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે ૧૩ જિલ્લામાં ભારે વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હવામાન વિભાગનો અંદાજ છે કે રાજસ્થાનમાં ૨૪ કલાક દરમિયાન ૮ ઈંચ કે તેથી વધુ વરસાદ પડી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનમાં ૧૬, ૧૭ અને ૧૮ જૂને વાવાઝોડું સક્રિય રહેશે.

બાડમેર કલેક્ટર અરુણ પુરોહિતે કહ્યું કે આગામી ૩૬ કલાક જિલ્લા માટે ખૂબ ભારે છે. પાકિસ્તાન સરહદને અડીને આવેલા બખાસર, સેડવા ચૌહાણ, રામસર, ધોરીના ગામોના પાંચ હજાર લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અહીં જેસલમેરના ડબલા ગામમાંથી ૧૦૦ પરિવારોના ૪૫૦ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે. નરેગાના કામો અને મોંઘવારી રાહત શિબિરો બંધ કરી દેવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજસ્થાનના પશ્ચિમ અને મધ્ય ભાગોમાં તોફાનનું સૌથી વધુ જોખમ છે. જોધપુર યુનિવર્સિટીએ ચક્રવાતથી પ્રભાવિત વિસ્તારોમાં ૧૬ અને ૧૭ જૂને યોજાનારી તમામ પરીક્ષાઓ સ્થગિત કરી દીધી છે. ૧૭ થી ૧૯ જૂન દરમિયાન યોજાનારી સ્ટેટ ઓપનની પરીક્ષાઓ પણ મોકૂફ રાખવામાં આવી છે. રેલ્વેએ બાડમેર-જોધપુર વચ્ચે દોડતી પેસેન્જર ટ્રેનને બે દિવસ સુધી નહીં ચલાવવાનો નિર્ણય લીધો છે.

જોધપુરના કલેક્ટર અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીના પ્રમુખ હિમાંશુ ગુપ્તાએ તમામ શૈક્ષણિક સંસ્થાઓ, કોચિંગ, જિમ, પ્રવાસન સ્થળો અને જોધપુરના સમર કેમ્પ ૧૬ અને ૧૭ના રોજ બંધ રાખવા સૂચના આપી છે. તેમણે કહ્યું કે બિપરજોયના કારણે ભારે વાવાઝોડા સાથે ભારે વરસાદની આગાહી છે. વાવાઝોડાની અસરને કારણે ઉદયપુરની મહારાણા ભૂપાલ હોસ્પિટલના કાર્ડિયોલોજી વિભાગની બિલ્ડીંગના બીજા માળે આવેલ એલિવેશનનો કાચ તૂટી ગયો હતો. ઈમારતની નીચે દિવાલ સામે પાર્ક કરાયેલા વાહનો પર કાચ પડતાં કારને નુકસાન થયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૧૭ જૂને બાડમેર, જોધપુર, નાગૌર, જાલોર, પાલી, જેસલમેર, બિકાનેર, અજમેર, રાજસમંદ, ભીલવાડા, ઉદયપુર, સિરોહી, જયપુર, ટોંક, બુંદી, ચુરુ, સીકર, ચિત્તોડગઢ, પ્રતાપગઢ, ડુંગરપુર, બાંસવાડામાં વરસાદ પડી શકે છે જયારે ૧૮ જૂને અજમેર, જયપુર, નાગૌર, ટોંક, સવાઈમાધોપુર, જોધપુર, સીકર, ઝુનઝુનુ, ચુરુ, પાલી, ભીલવાડા, બુંદી, દૌસા, અલવર, કરૌલીમાં વરસાદ પડશે સિરોહીના માઉન્ટ આબુની તમામ ખાનગી શાળાઓમાં બે દિવસની રજા જાહેર કરવામાં આવી છે.પાલીના રાણકપુરના વિશ્વ પ્રસિદ્ધ જૈન મંદિરે બે દિવસ માટે શ્રદ્ધાળુઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. મંદિરના મેનેજર જસરાજ માલીએ જણાવ્યું કે વાવાઝોડાને જોતા પ્રશાસનની સૂચના પર ૧૬-૧૭ના રોજ મંદિરમાં તમામ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓનો પ્રવેશ બંધ રહેશે. આ સિસ્ટમની અસર ગુરુવાર સાંજથી પાલીમાં જોવા મળી હતી. ભારે પવન સાથે અનેક જગ્યાએ હળવો વરસાદ થયો હતો.

ઝાલરાપાટણના હરીશચંદ્ર એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટમાં તોફાનની અસરને જોતા ૨ દિવસ સુધી ધંધા-રોજગાર બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ખાદ્ય અને તેલીબિયાં વેપાર સંઘના સચિવ વિજય મુંદ્રા અને પ્રવક્તા હરિ રાઠોડે જણાવ્યું હતું કે તોફાનના કારણે મંડીમાં ૧૬ અને ૧૭ જૂને રજા રહેશે. ખેડૂતોને આ બે દિવસ સુધી તેમનો પાક ન લાવવા માટે કહેવામાં આવ્યું છે. બાડમેર કલેક્ટર અરુણ પુરોહિતે કહ્યું કે આગામી ૩૬ કલાક જિલ્લા માટે નિર્ણાયક છે. પાકિસ્તાન સરહદને અડીને આવેલા બખાસર, સેડવા ચૌહાણ, રામસર, ધોરીમ્ના ગામોના પાંચ હજાર લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. અહીં જેસલમેરના ડબલા ગામમાંથી ૧૦૦ પરિવારોના ૪૫૦ લોકોને શિફ્ટ કરવામાં આવ્યા છે. મોંઘવારી રાહત શિબિરો બંધ કરી દેવામાં આવી છે.ગુજરાતના દરિયાકાંઠે ટકરાયા બાદ વાવાઝોડાની ઝડપ ઘણી ઓછી થઈ ગઈ છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. તમારી અને ભાગીદારોની કમાણી કરવાની કોઈ બાબતે અલગ પડી શકો છે. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

વૃષભ : આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે. પરંતુ તમારા ક્ષેત્રમાં કામ તે ગતિએ ચાલશે નહીં.

મિથુન : આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે અને તમારે મહેનતથી કામ કરવાની જરૂર છે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઈચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ : આજનો દિવસ તમારા માટે સારો છે. અચાનક કેટલાંક જટિલ કાર્ય પૂરા થશે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ. આજે જેઓ નોકરીમાં છે તેમને બોસ તરફથી પ્રશંસા મળી શકે છે.

કન્યા : આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઈક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે. આજે કોઈપણ પ્રકારની મૂંઝવણ તમને પરેશાન કરી શકે છે. દૈનિક ઘરના કાર્યો પણ પૂર્ણ થશે.

તુલા : આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેર બજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે. તમે તમારા જૂના વ્યવસાયની રીત પર ઉતરશો તે વધુ સારું છે અને જો તમે ખંતથી કામ કરો છો તો તમને ફાયદો થશે. દિવસે થતા નુકસાનને ટાળવાનો પ્રયત્ન કરો.

વૃશ્ચિક : તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે. કોઈ પણ જટિલ કાર્ય સરળતાથી પૂર્ણ કરવામાં તમને સમય લાગતો નથી.

ધનુ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે અને તમને કોઈ મહત્વના કામ પણ સોંપવામાં આવી શકે છે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

મકર : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે. જો તમે ઉદ્યોગ ચલાવી રહ્યા છો તો નાના કર્મચારીઓની પ્રવૃત્તિઓ પર નજર રાખવાનું ભૂલશો નહીં.

કુંભ : આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન : આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે. તમારો મિલનસાર સ્વભાવ તમને સમાજ, ઘર અને કાર્યસ્થળમાં લોકપ્રિય બનાવશે. તમે સારા અધિકારી બની શકો છો. મહિલાઓ માટે પણ આજનો દિવસ ખાસ છે.

# દાહોદ જીલ્લાના તમામ નાગરિકો ૨૧ જૂને વિશ્વ યોગ દિનમાં ભાગ લેવા જીલ્લા કલેકટરની અપીલ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

આગામી ૨૧ જૂને વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં વહીવટી તંત્ર સાથે મીડિયાના કર્મીઓ સાથે વધુમાં વધુ તેમજ નાગરિકો જોડાય તેવી અપીલ કરતાં જીલ્લા કલેકટર ડો.હર્ષિત ગોસાવી. આગામી ૨૧ મી જૂને નવમા વિશ્વ યોગ દિવસની ઉજવણી ઉપક્રમે દાહોદ જીલ્લામાં યોજાનાર જીલ્લા કક્ષાનો કાર્યક્રમ દાહોદ જીલ્લા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે રાખવામાં આવ્યો છે.તાલુકા કક્ષા એ ગ્રામ્ય કક્ષા એ તથા વિવિધ શાળા કોલેજ, ખાતેની ઉજવણીમાં વધુમાં વધુ લોકો જોડાય તે માટે પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા ના માધ્યમ થકી સુચારૂં પચાર પ્રસાર થાય તે માટે જીલ્લા સેવાસદન સરદાર પટેલ સભાખંડમાં પત્રકાર પરિષદ યોજાઈ.

કલેકટર એ જણાવ્યું હતું કે, આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ૨૧ જૂન ૨૦૨૩ ના રોજ આંતર રાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજ્ય માં વિશાળ જન ભાગીદારી સાથે ઉજવવાનું સરકાર દ્વારા આયોજન કરવામાં આવેલ છે. ભારત સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા G-20 ની ONE EARTH,ONE HEALTH ની થીમને ધ્યાને રાખતા આ વર્ષે એક પૃથ્વી એક સ્વાસ્થ્યના નારા સાથે યોગ અને હર ઘર આંગણે યોગ ના થીમ સાથે ૨૧ જૂન ૨૦૨૩ના રોજ વિશ્વ યોગ દિનની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

વધુમાં કલેકટર એ ઉમેર્યું હતું કે, પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે ૨૦૦૦ થી વધુની સંખ્યામાં યોગ સાથે સંકળાયેલ સંસ્થાઓ જેવી કે પતંજલી યોગ સંસ્થાન,આર્ટ ઓફ લિવિંગ, બ્રહ્માંકુમારીઝ, વિવિધ સંસ્થાઓ તાલુકા દીઠ વિવિધ એન.જી.ઓ ભાગ લેશે. ૭૫ આઈકોનિક યોગ સ્થળો નક્કી થયેલ છે. જેમાં દાહોદ જીલ્લામાં દેવગઢ બારિયામાં સ્વ. જયદીપસિંહજી રમત ગમત સંકુલ દેવગઢ બારિયા ખાતે કાર્યકમ યોજાશે.

જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ એ જણાવ્યું હતું કે યોગ વિષે જન જાગૃતિ કેળવાય તે માટે દાહોદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પંચાયત અને આરોગ્ય વિભાગ દ્વારા યોગ વિષે જાણકારી આપવમાં આવી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્ર પર ઓ.પી.ડી દરમિયાન યોગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ઉપરાંત આશાવર્કર, આંગણવાડી બેહનો દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. વધુ માં વધુ નાગરિકો યોગમાં જોડાય તે માટે અનુરોધ કર્યો હતો.

આ બેઠકમાં દાહોદ જીલ્લા પોલીસ વડા બલરામ મીણા એ જણાવ્યું હતું કે, યોગ વિષે નાગરિકોમાં જાગૃતા કેળવાય તેવા ઉદેશથી દાહોદ જીલ્લા પોલીસ હેડક્વાટર્સ થી વિશાળ બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી દાહોદ શહેરના તમામ માર્ગો પર જશે. આ બાઈક રેલીના માધ્યમથી યોગ અંગેનો સંદેશો આપશે.

આ પત્રકાર પરિષદમાં નાયબ માહિતી નિયામક એસ.જે.બળેવીયા, જીલ્લા રમત ગમત અધિકારી અમરસિંહ રાઠવા, પ્રાંત યુવા વિકાસ અધિકારી જીગ્નેશ ડાભી, પ્રાંત યુવા વિકાસ અધિકારી અશોક પટેલિયા, રમત વિકાસ અધિકારી ઉષાબેન સહિત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# ભગવાન શ્રી જગન્નાથજીની રથયાત્રાને લઈ પોલીસ તંત્ર એલર્ટ મોડમાં


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદમાં આગામી ૨૦મી જૂનના રોજ ભગવાન જગન્નાથજી બહેન સુભદ્રા તેમજ ભાઈ બલરામ રથયાત્રા સ્વરૂપે નગર ચર્ચાએ નીકળવાના છે. જેને લઈને રથયાત્રા સમિતિ તેમજ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે. ત્યારે પોલીસ તંત્ર પણ રથયાત્રાની તૈયારીઓને લઈ સ્કીમ તૈયાર કરી શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તમામ પ્રકારના પગલાંઓ લઈ રહ્યા છે. એવા સંજોગોમાં દાહોદ (SOG) એટલે કે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા તાજેતરમાં શહેરના બસ સ્ટેશન વિસ્તારમાં ઓચિંતુ ડોગ સ્કોર્ડ સાથે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. તો બીજી તરફ દાહોદ ડિવિઝનના એસપી જગદીશ બાંગરવાની અધ્યક્ષતામાં ગઈકાલે પોલીસ તંત્ર દ્વારા રથયાત્રાના રૂટ પર ફુટ પેટ્રોલિંગ યોજી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો, તો આજે SOG પોલીસે દાહોદ રેલવે સ્ટેશન ખાતે ગુજરાત રેલવે પોલીસની સાથે મળી રેલવે સ્ટેશન પર આવેલા સર્ક્યુલેટિંગ એરિયા, પાર્સલ ઓફિસ, મુસાફરખાના, તેમજ પ્લેટફોર્મ, પર ડોગ સ્કવોડ તેમજ મેટલ ડિટેક્ટર વડે સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશનના અંતે કોઈ વાંધા જનક પદાર્થ કે શંકાસ્પદ વ્યક્તિ ન મળી આવતા પોલીસે હાશકારો અનુભવ્યો હતો. તો રેલવે સ્ટેશન પર SOG પોલીસે ગુજરાત રેલવે પોલીસ સાથે ડોગ સ્કવોડ (એક્સપ્લોસીવ ડિટેકશન કીટ) લેટર બોમ્બ ડિટેક્ટર ડીપ સર્ચ મેટલ ડિટેક્ટર તેમજ રીયલ ટાઈમ વીવર્સ સિસ્ટમ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરતા રેલવે સ્ટેશન પર ઉપસ્થિત મુસાફરોમાં એક પ્રકારની ઉત્તેજના વ્યાપી જવા પામી હતી. જોકે, પોલીસે રથયાત્રાને અનુલક્ષીને આ ઓપરેશન હાથ ધર્યું હોવાનું બહાર આવતા મુસાફરોએ પણ રાહત અનુભવી હતી.

# ઝાલોદ કોલેજમાં કોમર્સ વિભાગના અધ્યક્ષ ડો. પી.એમ. પટેલનો વિદાય સમારોહ યોજાયો


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ વિદ્યા સમાજ ટ્રસ્ટ દ્વારા સંચાલિત શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદના મંત્રી અને કોમર્સ વિભાગ ના અધ્યક્ષ ડો. પી.એમ. પટેલ ઈપીકો વયનિવૃત્ત થતાં આજ રોજ તેમનો વિદાય સમારોહ યોજાયો. જેમાં મુખ્ય અતિથિ તરીકે ઝાલોદ વિદ્યા સમાજના ઉપપ્રમુખ અને કોલેજ કેમ્પસ ડાયરેક્ટર એસ. આર. રાવ ઈપીકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં પ્રિન્સિપાલ એમ. એમ પટેલ, ડી. સી. યાદવ અને એ. આર. મોદીએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ સમારોહમાં ડો.વાય.પી.ઝાલાએ પ્રેઝન્ટેશન રજૂ કરીને જૂના સંસ્મરણોને યાદ કર્યા હતા. આ સમારોહનું સફળ સંચાલન ડો. અનિતા પાદરીયા દ્વારા કરવામાં આવ્યું હતું. સમારોહના અંતે ડો. રોહિત કપૂરી દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ધાનપુર તાલુકામાં કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો



ધાનપુર,

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગના વર્ષ-૨૦૨૩-૨૪ કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં તા.૧૨ જુન ૨૦૨૩ ના રોજ રાજ્ય કક્ષાએથી અને જિલ્લા કક્ષાએથી અને તાલુકા કક્ષાએથી અધિકારી/પદાધિકારી અને ગામના મહાનુભાવો, વાલીઓ, SMC સભ્યો દ્વારા આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ ૧ માં બાળકોને કુમકુમ તિલક કરીને પુસ્તકો આપીને આંગણવાડીમાં ૫૫, બાલવાટિકામાં ૬૭૧ અને ધોરણ ૧ માં ૩૮૨ બાળકોને પ્રવેશ કરાવ્યો હતો. ધાનપુર તાલુકાના બી.આર.સી.કો ઓર્ડીનેટર કુંદનસિંહ ઠાકોર અને ડાયટ દાહોદના લેકચરર્ અને ધાનપુર તાલુકાના લાયઝન આર.કે.પટેલ દ્વારા પણ વિવિધ શાળાઓમાં જઈને બાળકોને આંગણવાડી, બાલવાટિકા અને ધોરણ-૧ના બાળકોને પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

# દાહોદ પાલિકાના ચીફ ઓફિસર આંબા ખાતે રહેતા રાહત બચાવ કામગીરી માટે મોકલાયા

દાહોદ,

ગુજરાતમાં બીપોરજોય વાવાઝોડાની સંભવિત અસરના પગલે તમામ પરિસ્થિતિઓને પહોંચી વળવા રાજ્ય સરકાર એલર્ટ બની છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આવેલા લોકોને સલામત જગ્યાએ ખસેડવા માટે યુદ્ધના ધોરણે કવાયત હાથ ધરવામાં આવી છે. ત્યારે બીજી તરફ શહેરી વિકાસ નિર્માણ બોર્ડ દ્વારા ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ ફરજ બજાવતા ૧૪ જેટલા ચીફ ઓફિસરોને દરિયાકાંઠાના વિસ્તારોમાં મદદ માટે મોકલવામાં આવ્યા છે. જે પૈકી દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસરને ઓખા ખાતે તાત્કાલિક અસરથી નિમણૂક કરવામાં આવી છે, તો બીજી તરફ દાહોદ પંચમહાલ તેમજ આણંદના ફાયર બ્રિગેડને વેરાવળ કિનારે રાહત અને બચાવ કામગીરી માટે મોકલવામાં આવ્યું છે. બિપોરજોય વાવાઝોડુ ત્રાટકે તે પહેલા જ દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે તારાજી સર્જી છે. વાવાઝોડાના પગલે દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે તો સાથે સાથે વાવાઝોડું આવે તે પહેલા જ પરિસ્થિતિ વધુ વણસી જવા પામી છે. રાજ્ય સરકાર દ્વારા વાવાઝોડાની અસરના પગલે પાણી આવે તે પહેલા જ પાળ બાંધવાની નીતિ અપનાવી અને NDRF SDRF કોસ્ટ ગાર્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ તેમજ પોલીસ તંત્રને સાબદુ કરી દીધું છે, તેમજ સુરક્ષા એજન્સીઓની સંખ્યાબંધ ટુકડી પણ અસરગ્રસ્ત દરિયાકાંઠાના વિસ્તારોમાં એલર્ટ મોડમાં ઊભી કરી દેવામાં આવી છે. તો વ્યવસ્થામાં કોઈ કચાસ ન રહી જાય તે માટે રાજ્ય સરકારે કેટલી ટીમોને સ્ટેન્ડ બાય પણ કરવામાં આવી છે. ત્યારે વાવાઝોડાની અસર બાદ અથવા અસર દરમિયાન મોટું નુકસાન ન પહોંચે તે માટે રાજ્ય સરકાર તેમજ વહીવટી તંત્રએ સાવચેતીના ભાગરૂપે અસરગ્રસ્ત વિસ્તારોમાંથી લોકોને સલામત સ્થળે ખસેડવાની કામગીરી હાથ ધરી છે, તો બીજી તરફ શહેરી વિકાસ નિર્માણ બોર્ડ દ્વારા રાજ્ય સરકારના નિર્દેશો અનુસાર દરિયાકાંઠા વિસ્તારોમાં વહીવટી તંત્રની મદદ અર્થે ૧૪ જેટલા જુદી જુદી નગરપાલિકાઓમાં કાર્યરત ચીફ ઓફિસરોને ૧૫ દિવસ માટે એટલે કે ૩૦ જૂન સુધી તાત્કાલિક અસરથી નિમણૂક કરવામાં આવી છે. જેમાં દાહોદ નગરપાલિકામાં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવી રહેલા યશપાલસિંહ વાઘેલાને ગુજરાતમાં દરિયાકાંઠામાં અત્યંત ભયજનક ગણાતા ઓખા મંડળમાં મદદ અર્થે મોકલવામાં આવ્યા છે. તાત્કાલિક અસરથી નિમણૂક પામેલા યશપાલસિંહ વાઘેલા સહિત તમામ ૧૪ ચીફ ઓફિસરો તેમણે નિમણૂક કરેલી જગ્યાએ હાજર થવા તાકીદ કરવામાં આવી છે અને ૩૦ જૂન સુધી નિમણૂક કરેલી જગ્યાએ કામગીરી કર્યા બાદ પહેલી જુલાઈ થી તેમની નિયત જગ્યા ઉપર પરત મોકલવા માટે હુકમ કરવામાં આવ્યો છે, તો બીજી તરફ દાહોદ ફાયર બ્રિગેડ માં ફરજ બજાવતા ફાયર ઈન્સ્પેક્ટર દીપેશ જૈન તેમજ અન્ય ફાયર બ્રિગેડ વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓને આજરોજ પંચમહાલ તેમજ આણંદ ફાયર બિગેડની સાથે વેરાવળ ખાતે રાહત અને બચાવ કામગીરી માટે મોકલવામાં આવ્યા છે.

# ફતેપુરાના બાલૈયા ગામે યુવકે નર્સ યુવતિનો પીછો કરી ધાકધમકી આપી રોકડ, મોબાઈલની લુંટ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના બલૈયા ગામનો એક સલંપટ યુવક સરકારી દવાખાનામાં નર્સ તરીકે ફરજ બજાવતી ૨૬ વર્ષીય યુવતીનો પીછો કરી ફરીથી પ્રેમ સંબંધ બાંધવા ધાકધમકી આપી થપ્પડ મારી યુવતચી પાસેથી રૂા. ૧૫૦૦ની રોકડ, અગત્યના આઈ ડી.કાગળો તથા રૂપિયા ૧૦,૦૦૦ની કિંમતનો મોબાઈલ સાથેની બેગ ઝુંટવી લઈ નાસી ગયાનું જાણવા મળ્યું છે.

મહિસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના બટકવાડા ગામના મેણા ફળિયામાં રહેતી અને ફતેપુરા તાલુકાના સરકારી દવાખાનામાં નર્સ તરીકે ફરજ બજાવતી ૨૬ વર્ષીય યુવતીનો બલૈયા ગામના મોર પીપરા ફળિયામાં રહેતો રણજીતભાઈ લાલજીભાઈ માલ નામના લંપટ યુવકે ગત તા. ૨૬-૬-૨૦૨૩ના રોજ સાંજના પાંચેક વાગ્યાના સુમારે, સલરા ગામના રોડ પર પીછો કરી ફરીથી પ્રેમ સંબંધ બાધવા ધાકધમકી આપી બેફામ ગાળો બોલી ઉશ્કેરાઈ જઈ યુવતીને થપ્પડ મારી તે યુવતી પાસેની રૂા. ૧૫૦૦ની રોકડ તથા અગત્યના આઈડી, કાગળો તેમજ રૂા. ૧૦,૦૦૦ની કિંમતો વીવો કંપનીનો મોબાઈલ ફોન સાથેની બેગ ઝુંટવી લઈ ત્યાંથી નાસી ગયો હતો. આ સંબંધે ભોગ બનેલ પીડીત યુવતીએ ફતેપુરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે આ સંદર્ભે બલૈયા ગામના મોર પીપરા ફળિયામાં રહેતા રણજીતભાઈ લાલજીભાઈ માલ વિરૂદધ ઈપીકો કલમ ૩૨૩, ૩૭૯(ક), ૩૫૪(ઘ), ૫૦૪, ૫૦૬(૧) મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાના ચોગનીયા ગામે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં બાઈક ચાલકને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ ચોગનીયા ફળિયા જવાના રોડ પર પુરપાટ દોડી આવતી મોટર સાયકલ સામેથી આવતી બાઈક સાથે અથડાતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર માટે દેવગઢ બારીઆ સરકારી દવાખાને ખસેડવામાં આવ્યાનું જાણવા મળ્યું છે.

એક મોટર સાયકલ ચાલક ગતરોજ બપોરના સવા બાર વાગ્યાના સુમારે તેના કબજાની જીજે-૦૫ જી.એફ૬૪૪૭ નંબરની હીરો હોન્ડા કંપનીની મોટર સાયકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી દે.બારીયા ચોગનીયા ફળિયા જવાના રસ્તા પર સામેથી આવતી નરેશભાઈ સનીયાભાઈ વહુનીયાની જીજે-૨૦ બી.એ-૬૧૦૫ નંબરની હોન્ડા કંપનીની બહાઈક સાથે ધડાકાભેર અથડાતાં સર્જાયેલા અકસ્માતમાં હોન્ડા કંપનીની બાઈક ચાલક નરેશભાઈ સનીયાભાઈ વહુનીયાને કપાળના ભાગે ફ્રેક્ચર થથા શરીરે ઓછી વત્તી ઈજાઓ થવા પામી હતી. જ્યારે હીરોહોન્ડા મોટર સાયકલનો ચાલક પોતાની મોટર સાયકલ લઈ નાસી ગયો હતો. આ સંબંધે ગરબાડાના નળવાઈ ગામના વાડી ફળિયામાં રહેતા સુરેશભાઈ પાનકાભાઈ ભુરીયાએ નોંધાવેલી ફરિયાદને આધારે દે.બારીયા પોલીસે હીરોહોન્ડા મોટર સાયકલના ચાલક વિરૂદ્ધ ઈપીકો કલમ ૨૭૯, ૩૩૭ તથા એમ.વી.એક્ટ ૧૭૭, ૧૮૪, ૧૩૪ મુજબ માર્ગ અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ LCB પોલીસે આઠ વર્ષે લુંટના ગુન્હાના આરોપીને ઝડપી ૩૩,૯૯૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપ્યો

દાહોદ,

છેલ્લા આઠ વર્ષથી દાહોદ જીલ્લા તથા જીલ્લા બહારના લુંટ, ધાડ, ઘરફોડ ચોરીના દશ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીને દાહોદ એલ.સી.બી. પોલીસે ઝડપી પાડી કુલ આઠ ગુન્હાઓને અનડીટેક્ટ કરી આરોપી પાસેથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂા.૩૩,૯૯૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં નાસતા ફરતાં આરોપીને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડા દ્વારા જીલ્લાની પોલીસને આપવામાં આવેલ સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લા પોલીસ આરોપીઓને પકડી પાડવાની કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે દાહોદ શહેરના પરેલ વિસ્તારમાં લુંટ, ધાડ, ઘરફોડ ચોરીનો આરોપી બેઠો હોવાની માહિતી મળતાં દાહોદ એલ.સી.બી. પોલીસે વ્યુહાત્મક રીતે વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડચો હતો. આરોપીને ઝડપી પાડી પોલીસ મથકે લાવી આરોપીની સઘન પુછપરછ કરતાં આરોપીએ દાહોદ, આણંદ, ગાંધીનગર, વડોદરા ગ્રામ્ય, ખેડા લુંટ, ધાડ, ઘરફોડ ચોરીને અંજામ આપ્યો હતો. આ ઉપરાંત લીમખેડા, અમદાવાદ, ગાંધીનગર પોલીસ સ્ટેશન વિસ્તારના ગુનાઓમાં નાસતો ફરતો હોવાનું પણ પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. પોલીસે આરોપી રામસીંગભાઈ ઉર્ફે ધોકો પરસુભાઈ મોહનીયા પાસેથી પોલીસે સોના-ચાંદીના દાગીના કિંમત રૂા. ૩૩,૯૯૦નો મુદ્દામાલ કબજે કરી ઝડપાયેલ ઈસમ વિરૂદધ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ ASPની અધ્યક્ષતામાં રથયાત્રાને લઈ શાંતિ સમીતીની બેઠક મળી



દાહોદ,

ભગવાન જગન્નાથની રથયાત્રાને અનુલક્ષીને દાહોદ જિલ્લા એ.એસ.પી. જગદીશ બાંગરવાની અધ્યક્ષતામાં ગરબાડા પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજાઈ.

પ્રાપ્ત માહિતી અનુસાર આગામી યોજનાર ભગવાન જગન્નાથની રથયાત્રાને અનુલક્ષીને દાહોદ જિલ્લા એ.એસ.પી. જગદીશ બાંગરવાની અધ્યક્ષતામાં ગરબાડા પોલીસ મથકના પી.એસ.આઈ. જે.એલ.પટેલ સાથે ગરબાડા પોલીસ મથકે ગરબાડા ગામના સરપંચ તેમજ ગરબાડા અને ગાંગરડીના ગામ લોકો તેમજ આગેવાનો સાથે આવનાર ભગવાન જગન્નાથની રથયાત્રા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તેમ જ નગરમાં સંપ્રદાય બની રહે તે માટે આ શાંતિ સમિતિ બેઠકની યોજાઇ હતી. આ બેઠકમાં દાહોદ જિલ્લા એ.એસ.પી. જગદીશ બાંગરવા પ્રતિક્રિયા આપી હતી.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા તાલુકાના ગાંગરડી રોડ ઉપર ગાંગરડી થી એક ફોરવીલર ચાલક ગરબાડા તરફ આવી રહ્યો હતો. તે દરમિયાન ગરબાડા પુલ નજીક ખરોડ નદીના પુલ નજીક ફોર વ્હીલર ગાડીના ચાલકે સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવ્યો હતો. ફોરવીલર ચાલકે સ્ટરીગ પરથી કાબુ ગુમાવતા ગાડી રોડની નીચે ખાડામાં ખાબકી હતી. સદ્દનસીબે આ અકસ્માતમાં ગાડીમાં સવાર લોકોનો આબાદ બચાવ થયો હતો.

# દે.બારીયાને બૈણા ગામે ૨૩ વર્ષીય પરણિતાએ ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામે એક ૨૩ વર્ષિય પરણિતાએ અગમ્યકારણોસર પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો. ગતરોજ દેવગઢ બારીઆ તાલુકાના બૈણા ગામે જુના ફળિયા ખાતે રહેતાં અર્પિતાબેન રાકેશભાઈ ચૌહાણે પોતાના ઘરની જોતરી ઉપર ઓઢણીથી ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. ઘટનાની જાણ પરિવારજનો તેમજ સ્થાનીક લોકોને થતાં ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને થતાં પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. મૃતક પરણિતાના મૃતદેહને નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતા. ત્યારે ઘટનાને પગલે પરિવારજનોમાં ગમગીની છવાઈ ગઈ હતી. આ સંબંધે મૃતક પરણિતાના પતિરાકેશભાઈ રાજુભાઈ ચૌહાણે દેવગઢ બારીઆ પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ શહેરમાં આગામી ૨૦ તારીખે નીકળનારી રથયાત્રા સંદર્ભે જાહેરનામુ બહાર પડાયું

દાહોદ,

આગામી તા.૨૦/૦૬/૨૦૨૩ના રોજ દાહોદ શહેરમાં ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળનાર હોય, શહેરમાં વાહન વ્યવહારને અડચણ ન થાય અને રથયાત્રાના રૂટ ઉપર ટ્રાફીક નિયમન અસરકારક રીતે કરી શકાય તે માટે અધિક જીલ્લા મેજીટ્રેટ એ.બી.પાંડોરે એક જાહેરનામા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) હેઠળ તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ દાહોદ શહેરમાં નીકળનાર ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમ્યાન રથયાત્રાને તથા વાહન વ્યવહારને કોઇ અડચણ ઉભી ન થાય તેમજ ટ્રાફીક નિયમન જળવાય રહે તે હેતુસર તા.૨૦/૦૬/૨૦૨૩ ના રોજ રથયાત્રા પુર્ણ ન થાય ત્યાં સુધી જાહેરનામું ફરમાવેલ છે.

દાહોદ શહેર વિસ્તારમાં જેસાવાડા, ગરબાડા, ખંગેલા, કતવારા, પીટોલ (એમ.પી) તરફથી આવતી બસોને પડાવ બજારમાં થઈ સીધા બસ સ્ટેશન પર લાવવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. આ એસ.ટી. બસો ડાયર્વટ કરી વાયા ગરબાડા ચોકડીથી રાબડાલ,ગોધરા રોડ જકાત નાંકાથી પરેલ-વનચેતના ત્રણ રસ્તા થઈ બસ સ્ટેશન જઈ શકશે તેમજ અન અધિકૃત રીતે મુસાફરી ભરી અવર-જવર કરતા વાહનો જેવા કે ખાનગી બસો,જીપ, ટેમ્પા, છકડા તથા અન્ય તમામ વાહનોને ચારેય બાજુથી દાહોદ બજારમાં પ્રવેશ કરી શકશે નહી આ રથયાત્રા પ્રોસેશન સરદાર (પડાવ) સર્કલ પાસેથી પસાર થાય ત્યારે ગરબાડા ચોકડી, નેતાજી બજાર, ગાંધી ચોક, હનુમાન બજાર તરફના માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી.

આ રથયાત્રા પ્રોસેશન ગાંધી ચાક પાસેથી પસાર થાય ત્યારે સરદાર (પડાવ) સર્કલ, નેતાજી બજાર, કથીરીયા બજાર, હનુમાન બજાર, માણેકચંદ ચોક, ગૌશાળા તરફથી આવતા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી. આ રથયાત્ર પ્રોસેશન ગૌશાળા પાસેથી પસાર થાય ત્યારે સરદાર (પડાવ) સર્કલ, હનુમાન બજાર, મંડાવાવ સંર્કલ, ગાંધી ચોક તરફથી આવતા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી આ રથયાત્રા પ્રોસેશન મંફાવાવ સર્કલ પાસેથી પસાર થાય ત્યારે રળીયાથી રોડ, મંડાવાવ રોડ, આંબેડકર ચોક પડાવ રોડ તરફતી આવતા માર્ગનો ઉપયોગ કરી શકશે નહી આ રથયાત્રા પ્રોસેશન ઠક્કરબાપા ચોકડી પાસેથી પસાર થાય ત્યારે ચાકલીયા રોડ, માણેકચંદ ચોક, ગાંધી ચોક, જુની કોર્ટ રોડ તરફથી આવતા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી.

આ રથયાત્રા પ્રોસેશન આંબેડકર ચોક પાસેથી પસાર થાય ત્યારે ગડી ફોર્ટ, ચાકલીયા રોડ, માણેકચંદ ચોક, ગાંધી ચોક, સરસ્વતી સર્કલ રોડ તરથી આવતા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી આ રથયાત્રા પ્રોસેશન માણેકચંદ ચોક પાસેથી પસાર થાય ત્યારે બિરસામુંડા, નેતાજી બજાર, ચાકલીયા રોડ, ગાંધી ચોક તરથી આવતા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી આ રથયાત્રા પ્રોસેશન બિરસામુંડા ચોક પાસેથી પસાર થાય ત્યારે ગોધરા રોડ, સરસ્વતી સર્કલ, માણેકચંદ ચોક જનતા ચોક તરથી આવતા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી આ રથયાત્રા પ્રોસેશન જનતા ચોક પાસેથી પસાર થાય ત્યારે ગોધરા રોડ,એમ.જી. રોડ, બિરસામૂંડા ચોક ગાંધી ચોક તરથી આવતા માર્ગનો ઉપયોગ કરી શકાશે નહી.

આ હુકમ થી મોટર વ્હીકલ્સ એક્ટ ૧૯૮૮ ની કલમ ૧૧૨ (૩) માં જણાવેલ વાહનો પોલીસ સુરક્ષાદળના વાહનો તથા આપાતકાલીન સેવાઓ સાથે સંકળાયેલ વાહનોને લાગુ પડશે નહી આ હુકમાનો ભંગ અથવા ઉલ્ઘંન કરનાર શખ્સ ભારતના ફોજદારી અધિનિયમની કલમ-૧૮૮ તથા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.253

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## ગોધરા પાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં

# જાહેર માર્ગો ઉપર નડતરરૂપ ઝાડોને કાપી પ્રિમોન્સુન કામગીરી કરાઈ









ગોધરા, ગોધરા શહેરમાં નગર પાલિકા દ્વારા વિવિધ વિસ્તારોમાં રોડ ઉપર નડતરરૂપ અને જોખમી ઝાડોને સલામતીના ભાગરૂપે કાપી લેવામાં આવ્યા. ગોધરા શહેર નગર પાલિકા દ્વારા શહેરના બી.વી.ગાંધી પેટ્રોલ પંપ, પોલીસ ચોકી નં.૮, બામરોલી રોડ, ગોન્દ્રા, ભુરાવાવ વિસ્તારમાં રોડ ઉપર નડતરરૂપ હોય તેવા વૃક્ષોને પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે કોઈ જોખમ ન સર્જાય તે માટે કાપી લેવામાં આવ્યા. શહેરની વિવિધ વિસ્તારોમાં જાહેર રસ્તા ઉપર આવેલ જોખમી વૃક્ષો ચોમાસાની સીઝનમાં પડી જવાથી જોખમ ન ઉભું થાય તેને ધ્યાનમાં રાખીને પાલિકા દ્વારા આવા ઝાડો કાપીને દુર કરવામાં આવ્યા હતા. જાહેર રોડ સાઈડો માંથી જોખમી વૃક્ષો દુર કરવામાં આવતા વીજ લાઈનો પણ સેફ થઈ છે અને અવારનવાર સર્જાતા વીજ લાઈટની સમસ્યા પણ ઓછી થશે.

## પંચમહાલ જીલ્લામાં યોગ દિવસની ઉજવણી સંદર્ભે જીલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પ્રેસ કોન્ફરન્સ યોજાઈ



ગોધરા, ચાલુ વર્ષે ૨૧ જૂન ૨૦૨૩ના રોજ ૯માં વિશ્વ યોગ દિવસની સમગ્ર રાજ્યમાં જન ભાગીદારી સાથે ‘‘એક પૃથ્વી એક સ્વાસ્થ્ય‘‘ના નારા સાથે ‘‘વસુધૈવ કુટુમ્બકમ માટે યોગ’’ અને ‘‘હર ઘરના આંગણે યોગ’’ની થીમ સાથે ઉજવણી કરાશે.

પંચમહાલ જીલ્લામાં વિશ્વ યોગ દિવસની ઉજવણીના સંદર્ભે આજરોજ જીલ્લા કલેક્ટર આશિષ કુમારની અધ્યક્ષતામાં ગોધરા જીલ્લા સેવા સદન,કલેક્ટર કચેરી સભાખંડ ખાતે મીડિયાકર્મી મિત્રો સાથે એક પ્રેસ કોન્ફરન્સ યોજાઈ હતી.

જીલ્લા કલેક્ટરએ મીડિયાકર્મીઓ સાથે સંવાદ સાધતા જણાવ્યું હતું કે, આગામી તા.૨૧મી જુનના રોજ સમગ્ર રાજ્યમાં આંતરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવશે. ત્યારે પંચમહાલ જીલ્લામાં, જીલ્લા કક્ષાની ઉજવણી પોલીસ પરેડ ગ્રાઉન્ડ ગોધરા ખાતે કરાશે. આઝાદી ના અમૃત મહોત્સવ અંતર્ગત આઈકોનિક સ્થળ તરીકે પાવાગઢ મંદિર પરિસર ખાતે પણ યોગ દિવસની ઉજવણી કરાશે. જીલ્લાની નગરપાલિકાઓ, ગ્રામ પંચાયતો, તાલુકા પંચાયતો, કમ્યુનિટી અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શાળાઓ, કોલેજો ખાતે પણ ધામ ધૂમથી ઉજવણી કરાશે.

વધુમાં, તેમણે જીલ્લાવાસીઓને અપીલ કરી હતી કે, આ યોગ દિવસની ઉજવણીમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવે અને યોગ દિવસમાં વધુમાં વધુ લોકો જોડાય તેવો અનુરોધ કર્યો હતો. આ સાથે તેમણે સાંસદ યોગ સ્પર્ધામાં ભાગ લેવા તથા યોગ દિવસમાં સહભાગી થવા ઈચ્છતા પંચમહાલ જીલ્લાના ભાઈઓ–બહેનો http://desk.voiceey.com/idoy/ પર રજીસ્ટ્રેશન કરી પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું. આ પ્રેસ કોન્ફરન્સમાં જીલ્લા રમત વિકાસ અધિકારી પ્રતાપ પસાયા તથા જીલ્લાના પ્રેસ મીડિયાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા મહાવીર જૈન સોસાયટી ખાતેથી ઈકો ગાડીની ચોરીની ઘટના CCTVમાં કેદ



ગોધરા, ગોધરા શહેરના ધાનકાવાડ પાસે આવેલ મહાવીર જૈન સોસાયટી ખાતે અજાણ્યા ચોર ઈસમે ઘર આંગણે પાર્ક કરી મૂકી રાખેલ ફોર વ્હીલ મારૂતિ સુઝુકી ઈકો ગાડીનું લોક તોડીને તેને લઈને ફરાર થઈ જતા સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેથી ગાડીના માલિકે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમ વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

આ બનાવ સંદર્ભમાં ગોધરા શહેરના ધાનકાવાડ મહાવીર જૈન સોસાયટી ખાતે રહેતા ચંદ્રેશ કનૈયાલાલ ભમવાનીએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવેલ કે ગત. ૧૧/૦૬/૨૩ ના રોજ રાત્રિના દસેક વાગ્યાની આસપાસ મારી ફોર વ્હીલ મારૂતિ સુઝુકી ઈકો ગાડીનં. જીજે.૧૭.બીએચ. ૯૨૬૮ જેની કિંમત રૂ. ૨,૯૦,૦૦૦/– ની ઘર આંગણામાં પાર્કિંગ કરીને મૂકી રાખી હતી. જ્યારે અમે બીજા દિવસે અમારી ગાડી જોતા તે જોવા મળી ન હતી. જેથી અમે અમારા ઘરમાં મુકેલા સીસીટીવી કેમેરા ચેક કરતા તેમાં એક ઈસમ અમારી ફોર વ્હીલ ઈકો ગાડીનું લોક તોડીને ચોરી કરી લઈ ગયા હતા. જેથી ચંદ્રેશભાઇ ભમવાનીએ ગોધરા એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ગુનો નોંધીને સીસીટીવી કેમેરાના આધારે અજાણ્યા ચોરને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

## નદીસરના માજી સરપંચનું દુઃખદ અવસાન

નદીસર, ગોધરા તાલુકાના નદીસરના માજી સરપંચ અને પૂર્વ અધ્યક્ષ કારોબારી સમિતી ગોધરા તાલુકા પંચાયત તેમજ કૃષ્ણ જીનિંગ મિલના કારોબારી સભ્ય અને રાજકીય સામાજીક આગેવાન ભાથીભાઈ ચતુરભાઈ પરમારનું દુઃખદ અવસાન થતાં સમગ્ર વિસ્તારમાં શોક વ્યાપો હતો. તેમની સ્મશાન યાત્રામાં ગ્રામજનો અને આગેવાનો જોડાયા હતા.



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

## હાલોલ માનસરોવર એપાર્ટમેન્ટમાં આરોપી લોકોને ભેગા કરવાની ના પાડતાં મહિલાઓ સાથે મારામારી કરતાં ફરિયાદ

હાલોલ, હાલોલના માનસરોવર એપાર્ટમેન્ટ બગીચા સામે આરોપીને મહિલાએ એપાર્ટમેન્ટમાં લોકોને ભેગા ના કરીશ તેમ કહેતા આરોપી એ ઉશ્કેરાઈ જઈ મહિલાઓ સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલના માનસરોવર એપાર્ટમેન્ટ રહેતા અરૂણાબેન એ આરોપી રાજ ઉર્ફે અલ્પેશભાઇ સીસોદીયાને એપાર્ટમેન્ટમાં લોકોને ભેગા કરવાની ના પાડતાં ઉશ્કેરાઈ ગયેલ આરોપીએ અરૂણાબેનને ખભાના ભાગે લાકડી મારી હતી. તેમજ નિમેષચંદ્રને જય વિનુભાઈ સોલંકીએ લાકડી વડે ઈજાઓ કરી અને પ્રેમીલાબેનને ડાબા પગે લાકડી વડે મહેશ જયંતિભાઈ વ્યાસે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકી આપતાં આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલ ખાતે ૨૦ જુને યોજાનાર રથયાત્રાને લઈ પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ યોજ્યું

### શાંતિ સમીતીની મીટીંગ યોજાઈ



હાલોલ, હાલોલ અષાઢી બીજ તા.૨૦ જુન નારોજ યોજાનાર ભગવાન જગન્નાથની રથયાત્રાને લઈ પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું. સાથે શાંતિ સમીતીની બેઠક યોજવામાં આવી.

હાલોલ ખાતે ૨૦ જુન અષાઢી બીજ નારોજ મંદિર ફળીયા ખાતેથી ભગવાન જગન્નાથથી ભવ્ય રથયાત્રા કાઢવામાં આવનાર હોય ત્યારે રથયાત્રા પૂર્વ હાલોલ પોલીસ દ્વારા ફુટ પેટ્રોલીંગ યોજવામાં આવ્યું. રથયાત્રા નગરમાં શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થાય તે માટે પોલીસ મથક ખાતે શાંતિ સમીતીની બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં શાંતિ સમીતીના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## બીપોરજોય વાવાઝોડાની અસર ૧૨ કલાક બાદ પંચમહાલ સહિત ગોધરામાં જોવા મળી વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે પવન ફુંકાયો

ગોધરા, બીરોપજોય વાવાઝોડાના પગલે પંચમહાલ જીલ્લા સહિત ગોધરાના વાતારવણમાં પલ્ટો જોવા મળ્યો. દિવસભર વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે પવન ફુંકાયો હતો. શહેરના અમુક વિસ્તારોમાં લાઈટો દિવસ દરમિયાન ડુલ રહેતા લોકો પરેશાન થયા.

બીપરજોય વાવાઝોડું કચ્છમાં જોખા બંદર ખાતે લેન્ડ ફોર થતાં ભારે પવન સાથે તરાજી સર્જી હતી. વાવાઝોડું દરિયા કિનારે ટકરાયા બાદ રાજયભરના વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. બીપરજોય વાવાઝોડાની અસર પંચમહાલ જીલ્લા સહિત ગોધરામાં ૧૬ જુનના રોજ જોવા મળી હતી. દિવસ દરમિયાન વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો. વાદળછાયા વાતાવરણ વચ્ચે ભારે સુસવાટા ભેર પવનો ફુંકાયા હતા. પવનો ફુંકાતા ગરમીથી આંશિક રાહત મળી હતી. સુસવાટા બંધ પવનો શરૂ થતાં શહેરના મોટાભાગના વિસ્તારોમાં દિવસ દરમિયાન લાઈટો બંધ રહી હતી. જેને લઈ બજારો, ધંધા, રોજગાર ઉપર અસર જોવા મળી હતી. જીલ્લામાં બીપરજોગ વાવાઝોડાની અસર ૧૨ કલાક બાદ જોવા મળી હતી.

## શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ગુરૂવાર અને શુક્રવારના રોજ બીપરજોય વાવાઝોડાની અસર



તસ્વીર : તુષાર દરજી, શહેરા

- કાંકરી, મિઠાલી, કવાલી, વલ્લભપુર, ખોજલવાસા સહિતના અન્ય ગામમાં ૧૪ જેટલા જીવંત વીજ વાયર વાળા વીજ પોલ તૂટી ગયેલ.
- બીપોરજોય વાવાઝોડાને લઈને શહેરા એમ.જી.વી.સી.એલ ની યુનિટ ૧માં ૬ અને યુનિટ ૨ માં ૮ ટીમ.
- એમ.જી.વી.સી.એલના યુનિટ ૧ ના ડેપ્યુટી ઈજનેર સિંઘ અને યુનિટ ૨ નાં ડેપ્યુટી ઈજનેર શશીકાંત ટંડેલ સ્થળ પર પહોંચી જઈને તેમની ટીમો દ્વારા તાબડતોડ કામગીરી શરૂ કરી.
- તૂટી ગયેલ વીજ પોલ નવીન ઉભો કરીને જે તે વિસ્તારમાં વીજ પુરવઠો શરૂ કર્યો.
- તાલુકા વિસ્તારમાં અનેક જગ્યાએ વૃક્ષો ધરાસાયી થયા.
- શહેરા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડા માર્ગદર્શન હેઠળ ગ્રામીણ વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતના તલાટીઓ એ બીપોરજોય વાવાઝોડા ને લઈને પોતાની નૈતિક ફરજ ગ્રામ પંચાયત કચેરી ખાતે બજાવી.

શહેરા, શહેરા સહિત સમગ્ર જીલ્લામાં ગુરૂવાર અને શુક્રવારના રોજ બીપરજોય વાવાઝોડાની અસર જોવા મળવા સાથે વરસાદી માહોલ જામ્યો હતો. જ્યારે ગુરૂવાર ની રાત્રિ એ ભારે પવન સાથે વરસાદ આવતા નગરના પરા વિસ્તારમાં આવેલ કાંકરી ગામમાં રસ્તાને અડીને ૩ વીજ પોલ પડી જવા સાથે લીમડાનું વૃક્ષ ધરાસાયી થયું હતું. તાલુકાના કવાલી ગામે એક મકાન ઉપર વૃક્ષ અને વિજ પોલ ધરસાયી થતાં મકાનને નુકશાન થયેલ અને તાલુકા પંથકમાં અન્ય સ્થળોએ પણ મકાનના છત પરના પતરા ઉડી જવા સાથે વૃક્ષો ધરાસાયી થયા હતા.

શહેરા સહિત સમગ્ર જીલ્લામાં બીપરજોય વાવાઝોડાની અસર ગુરૂવાર અને શુક્રવારના દિવસ દરમિયાન જોવા મળી હતી. નગર અને તાલુકા પંથકમાં ગુરૂવારની રાત્રિ એ ભારે પવન ફૂંકાયા બાદ વરસાદી ઝાપટુ આવ્યું હતું. જેને લઈને શહેરા થી મોરવા રેણા ગામ તરફ જવાના માર્ગ ઉપર આવેલ કાંકરી ગામ ખાતે માર્ગને અડીને લીમડાનું વૃક્ષ ધરાસાયી થવા સાથે જીવંત વીજ વાયર વાળા ૩ જેટલા વીજ પોલ પણ તૂટી જતા આ વિસ્તારમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. જ્યારે તાલુકાના કવાલી ગામના બોરીયાવી નિશાળ ફળિયામાં એક વૃક્ષ તેમજ વિજ પોલ ધરાસાયી થતાં નજીકમાં આવેલ રણછોડભાઈ પારગીના મકાન ઉપર ધરાસાયી થયેલ વૃક્ષ અને વિજ પોલ પડતા તેઓના મકાનને નુકશાન પહોચ્યું હતું. બનાવની જાણ ગ્રામ પંચાયતના સરપંચ ગણપત ડીંડોર તેમજ તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડા સહિતને થતાં તાત્કાલિક બનાવ સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી કરી મકાન ઉપર પડેલ વૃક્ષ તેમજ વિજ પોલ હટાવવાની કામગીરી હાથ ધરાઈ હતી,જોકે આ બનેલા બન્ને બનાવમાં કોઈ જાનહાનિ થઈ ન હતી. બીજી તરફ એકાએક ભારે પવન ફૂંકવાને કારણે શહેરા નગરના કોલીવાડ વિસ્તારમાં આવેલ એક રહેણાંક મકાનના કઠેરાનો ભાગ પણ ધરાસાયી થયો હતો. જોકે, આ બનાવમાં પણ કોઈ જાનહાનિ થવા પામી ન હતી. નગર અને તાલુકા પંથકમાં બીપોરજોય વાવાઝોડા ના કારણે કાંકરી અને કવાલી ગામ સહિત તાલુકાના અન્ય વિસ્તારમાં વીજપોલ તૂટી જવા સાથે વીજ પુરવઠો ખોરવાઇ જતા મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા તાબડતોડ વીજ પુરવઠો શરૂ થાય તે માટેની કામગીરી શરૂ કરવા સાથે તૂટી ગયેલ વીજ પોલ નવીન ઉભો કરીને જે તે વિસ્તારમાં વીજ પુરવઠો શરૂ કરેલ હતું.

શહેરા તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડા માર્ગદર્શન હેઠળ ગ્રામીણ વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતના તલાટીઓએ બીપોરજોય વાવાઝોડાને લઈને પોતાની નૈતિક ફરજ ગ્રામ પંચાયત કચેરી ખાતે બજાવી હતી. ગામમાં કોઈપણ ઘટના બને અને સમયસર પહોંચી શકે તે માટે ગ્રામ પંચાયતના તમામ તલાટીઓ ગામમાં રહીને તાલુકા પંચાયત કચેરી ખાતે રિપોર્ટ કરતા હતા. જોકે, તાલુકા પંથકમાં કોઈ મોટી ઘટના બનવા પામી ન હતી.

બીપોરજોય વાવાઝોડાને લઈને શહેરા એમ.જી.વી.સી.એલ કચેરી ખાતે યુનિટ ૧માં ૬ અને યુનિટ ૨ માં ૮ ટીમ વીજ પુરવઠો તાબડતોડ શરૂ થાય તેના માટે રાખવામાં આવી હતી. ગુરૂવાર અને શુક્રવાર ના રોજ બીપોરજોય વાવાઝોડાની અસર થતા નગર અને તાલુકાના ગ્રામીણ વિસ્તારમાં ૧૪ જેટલા જીવંત વીજ વાયર વાળા વીજપુલ તૂટી જતાં એમ.જી.વી.સી.એલના યુનિટ ૧ ના ડેપ્યુટી ઈજનેર સિંઘ અને યુનિટ-૨ ના શશીકાંત ટંડેલ સ્થળ પર પહોંચી જઈને તેમની ટીમો દ્વારા તાબડતોડ કામગીરી શરૂ કરવામાં આવી હતી. તૂટી ગયેલ વીજ પોલની જગ્યાએ નવા વીજ પોલ ઉભા કરીને આ વિસ્તારોમાં વીજ પુરવઠો શરૂ કરી દીધો હતો. તાલુકાના અન્ય વિસ્તારોમાં પણ લાઈટો બંધ હોવાથી લોકોને અંધારામાં ન રહેવું પડે તે માટે એમ.જી.વી.સી.એલની અલગ અલગ ટીમો દ્વારા કામગીરી શરૂ કરીને વહેલી તકે વીજ પુરવઠો શરૂ થાય તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા.